RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 308* Date: 05.09.2022, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# આજે દેશ સામે સૌથી મોટી સમસ્યા બેરોજગારીઃ રાહુલ ગાંધી

## હું ઈડીથી ડરતો નથી.૫૫ કલાક કે પછી ૫ વર્ષ સુધી બેસાડીને પૂછપરછ કરી લો



નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસ દ્વાર આજે કરવામાં આવેલી હલ્લા બોલ રેલી દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં. મોદી સરકારમાં માત્ર બે ઉદ્યોગપતિઓ ઉભા થઈ રહ્યા છે. તમારા ડર અને નફરતનો ફાયદો તેમના હાથમાં જઈ રહ્યો છે. છેલ્લા ૮ વર્ષમાં અન્ય કોઈને કોઈ લાભ મળ્યો નથી. મીડિયા દેશના લોકોને ડરાવે છે. આ બે ઉદ્યોગપતિઓને તેલ, એરપોર્ટ, મોબાઈલનું સમગ્ર ક્ષેત્ર આપવામાં આવી રહ્યું છે.જે ભયભીત છે તેનામાં નફરત ઉત્પન્ન થાય છે. ભારતમાં નફરત વધી રહી છે. ભારતમાં ભય વધી રહ્યો છે. મોંઘવારી, બેરોજગારી અને ભવિષ્યનો ભય વધી રહ્યો છે. બીજેપી અને આરએસએસના નેતાઓ દેશના ભાગલા પાડે છે અને જાણીજોઈને દેશમાં ભય પેદા કરે છે. તેઓ લોકોને ડરાવે છે અને નફરત પેદા કરે છે.

રાહુલ ગાંધીએ મીડિયા પર પ્રહાર કરતા કહ્યુ કે, મીડિયા ફક્ત ૨ ઉદ્યોગપતિઓ પાસે છે. બે ઉદ્યોગપતિ દેશની સમગ્ર મીડિયાનું સંતુલન કરે છે તેથી લોકો સુધી સચ્ચાઈ પહોંચતી નથી. બે ઉદ્યોગપતિ અને મીડિયા વિના નરેન્દ્ર મોદી વડાપ્રધાન નથી. મીડિયા સત્ય ઉજાગર કરી શકતી નથી, સંસદમાં અમને બોલવા દેવામાં આવતુ નથી તેથી અમારી પાસે ફક્ત જનતા વચ્ચે જ જવાનો રસ્તો વધ્યો છે.

રોજગારી વિશે ભાજપ ઉપર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યુ કે મોદી સરકારમાં ફક્ત બે ઉદ્યોગપતિ કમાઈ રહ્યા છે, પણ આ બે ઉદ્યોગપતિ રોજગારી આપવાનું કામ નથી કરતાં. રોજગાર આપવાનું કામ મધ્યમ અને નાના વ્યાપાર કરે છે. જેની કરોડરજ્જુને મોદી સરકારે તોડી દીધી છે, જેના કારણે આવનારા વર્ષોમાં હજુ પણ મોંઘવારી તેમજ બેરોજગારી વધશે. વધુમાં તેમણે ઉમેર્યુ કે કોંગ્રેસના ૭૦ વર્ષના સાશનમાં ક્યારેય આટલી મોંઘવારી જોવા મળી નહતી.

ભાજપ પર આકરા પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યુ કે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની પાસેથી સપના જોવાનો અધિકાર છિનવી લેવામાં આવ્યો છે. ગરીબ વર્ગ સારું જીવનધોરણ અને બાળકોની સારી શિક્ષાનું સપનું જોઈ શકતાં નથી.રેલીમાં રાહુલે કહ્યું- નફરત ભયનું એક સ્વરૂપ છે. જેને ભય લાગે છે તેના હ્રદયમાં નફરત જન્મે છે. જે ડરતો નથી, તેના હ્રદયમાં દ્વેષ ઉત્પન્ન થતો નથી. ભારતમાં પણ નફરત વધી રહી છે તે જ વાતને બીજી રીતે કહીએ તો ભારતમાં ભય વધી રહ્યો છે. ભવિષ્યનો ભય, મોંઘવારીનો ભય, બેરોજગારીનો ભય..આ ભય વધી રહ્યો છે.જેના કારણે ભારતમાં નફરત વધી રહી છે.રાહુલ ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકાર કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ઈડી દ્વારા ૫૫ કલાક સુધી મારી પૂછપરછ કરવામાં આવી, હું તમારા ઈડીથી ડરતો નથી. તમે મને ૫૫ કલાક કે ૫ વર્ષ સુધી પૂછપરછ કરતા રહો, તેનાથી કોઈ ફરક પડશે નહીં.

રાહુલે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીનો કાર્યકર જ દેશને બચાવી શકે છે. કોંગ્રેસની વિચારધારા દેશને પ્રગતિના પંથે લાવી શકે છે. સરકારે અમારા માટે રસ્તો બંધ કરી દીધો છે. સંસદનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. સંસદમાં વિપક્ષનું માઈક બંધ કરી દેવામાં આવે છે, અમને બોલવા દેવામાં આવતા નથી. ચૂંટણી પંચ, ન્યાયતંત્ર પર દબાણ છે. તેથી જ લોકોની વચ્ચે જઈને દેશની સાચી વાત લોકોને જણાવવી છે. આથી કોંગ્રેસ પાર્ટી ભારત જોડો યાત્રા શરૂ કરી રહી છે.જયારે રાહુલ ગાંધી પહેલા કોંગ્રેસ જનરલ સેક્રેટરી કે સી વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસ સતત વધી રહેલી મોંઘવારીની વિરુદ્ધ આંદોલન કરી રહી છે અને તેની જ આગળની કડીમાં તે આજે વિશાળ રેલીનું આયોજન કરી રહી છે. જેમાં પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓની સાથે દિલ્હી તથા આસપાસના રાજ્યોના લોકો મોટી સંખ્યામાં જોડાશે. તેમણે સામાન્ય લોકોને રાહત આપવા માટે મોંઘવારી રોકવા માટે તત્કાલિક પગલા લેવાની માંગ કરી છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે આજે હલ્લા બોલ રેલ જે થઈ રહી છે, તેને રાજયોની ચૂંટણીઓ કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ સાથે કોઈ લેવાદેવા નથી. આ માત્ર અસંવેદનશીલ સરકાર માટે અમારો સંદેશ છે કે લોકો મોંઘવારી અને બેરોજગારીથી હેરાન છે.

# પ્રખર સામ્યવાદી નેતા કવિતા કૃષ્ણને સામ્યવાદી પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો

નવીદિલ્હી,તા.૪

સી.પી.આઈ. (એમ.એલ.) લિબરેશન પાર્ટીના એક અગ્રીમ નેતા કવિતા કૃષ્ણને પાર્ટીના તમામ પદો ઉપરથી ત્યાગપત્ર આપી દીધું છે. પાર્ટીના ટોચના ગ્રુપ 'પોલિટ બ્યુરો'ની સભ્યતા ઉપરથી પણ તેમણે ત્યાગપત્ર આપી દીધું છે. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી-લેનિનવાદી) લિબરેશનની કેન્દ્રીય સમિતિમાં સભ્ય પણ હતા. તેઓએ કહ્યું કે, તેમના અનુરોધને લીધે જ તેઓને પાર્ટીએ તમામ જવાબદારીમાંથી મુક્ત કર્યા છે.

ફેસબુક ઉપર આ જાહેરાત કરતા તેઓએ લખ્યું છે કે, મેં સીપીઆઈ- એમ-એલના નેતા તરીકેની મારી તમામ જવાબદારીઓમાંથી મુક્ત કરવા પાર્ટીને લખો જણાવતા પાર્ટીએ મારા અનુરોધ પર પોતાની સહમતી દર્શાવી હતી.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વે જ તેઓએ કહ્યું હતું કે, સમાજવાદી શાસન સંસદીય લોકતંત્રો કરતા ઘણું વધુ નિરંકુશ છે. કવિતાએ આ કથનો જાહેરમાં પણ કર્યા હતાં, જે પક્ષના વરિષ્ઠ નેતાઓને પસંદ પડયા ન હતા. તે એટલા માટે પણ બન્યું છે સીપીઆઇ એમએલ લિબરેશન, સમગ્ર જગત ઉપર સમાજવાદી શાસન સ્થાપવા માંગે છે. સીપીઆઈ સીસીપી માટે એવું કહેવાય છે કે તે ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી પાસેથી પ્રેરણા લે છે તેવા કવિતા કૃષ્ણનના આ પ્રશ્નો કોમ્યુનિસ્ટ પાર્ટીને પસંદ પડયા નહીં.

તેમણે તેમના ફેસબુક ઉપર તેમ પણ લખ્યું હતું કે, સોવિયેત સંઘ દરમિયાન સ્ટાલિનનું શાસન હોય કે નિષ્ફળ ગયેલો ચીનનો સમાજવાદ હોય તેની ચર્ચા કરવાનો અત્યારે અર્થ નથી પરંતુ તેઓ દુનિયાના સૌથી ખરાબ સત્તાવાદીઓ હતા જેઓ દરેક સ્થળે, સત્તાવાદી શાસનને જ એક મોડેલ તરીક રાખી કામ કરે છે.

આ પછી તેઓએ તેમના પ્રશ્નોની એક લાંબી યાદી પણ 'પોલિટ બ્યુરો'ને મોકલી આપી હતી અને તે પ્રસિદ્ધ કરી હતી. તેમાં તેઓએ ભારતના વર્તમાન લોકતંત્રની પ્રશંસા કરતા લખ્યું હતું કે, અહીં લોકોને લોભાવનારા વચનો અપાય છે પરંતુ તેવી ખામીઓ છતાં પણ તેના (સારા પાસાંને) જાણવાની જરૂર છે. તેઓએ વધુમાં લખ્યું હતું કે, માત્ર ભારતમાં જ નહી પરંતુ દુનિયાભરમાં સત્તાવાદી તથા લોક-લુભાવન વાદ તો ચાલે જ છે તેમ છતાં ઉદાર લોક-તંત્રવાદ વધુ સારો છે. તેનું મહત્ત્વ સમજવાની જરૂર છે.

# સપા સાથે હવે કયારેય ગઠબધન કરવામાં આવશે નહીં : શિવપાલ યાદવની જાહેરાત

### મોટાભાઈ મુલાયમસિંહ યાદવની સાથે શરૂથી જ સપાને સ્થાપિત કરવા માટે કલાકો સુધી મહેનત કરી છે તેનો ઉપયોગ મારી પાર્ટી માટે કરીશ

લખનૌ,તા.૪

ઉતરપ્રદેશમાં પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી લોહિયા(પીએસપી એલ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ શિવપાલ યાદવે જાહેરાત કરી છે કે તેમની પાર્ટી સમાજવાદી પાર્ટી સાથે કયારેય ગઠબંધન કરશે નહીં ભાજપ અને પ્રસપાના વલણ પર શિવપાલે કહ્યું કે પાર્ટીના નેતાઓએ હજુ આ મુદ્દા પર નિર્ણય લીધો નથી જયારે બાકી પાર્ટીઓથી ગઠબંધન માટે રસ્તા ખુલ્લા છે.

શિવપાલે કહ્યું કે તેમણે મોટાભાઈ મુલાયમસિંહ યાદવની સાથે શરૂ થી જ સપાને સ્થાપિત કરવા માટે કલાકો મહેનત કરી છે હવે આજ અનુભવનો ઉપયોગ પીએસપી એલનો મજબુત કરવામાં કરશે તેમણે કહ્યું કે આગામી નગર નિગમની ચુંટણીમાં નગર નિગમ,નગર પાલિકા પરિષદ અનો નગર પંચાયતની તમામ બેઠકો પર પાર્ટીનો દરેક કાર્યકર્તા ચુંટણી મેદાનમાં ઉતરશે તેમની માહિતી જીલા અધ્યક્ષોને પાર્ટી સ્તર પર આપવામાં આવી છે આ દરમિયાન શિવપાલ યાદવે મોંધવારીને લઈને પણ પોતાની વાત રાખી હતી.તેમણે કહ્યું કે પ્રદેશમાં ભ્રષ્ટ્રાચાર અનો મોંધવારી પોતાના ચરમ પર છે.

યુપી ૨૦૨૨ વિધાનસભા ચુંટણીનો લઈ સપાની સાથે આવવા પર શિવપાલે તેને ખુબ મોટી ભુલ બતાવી તેમણે કહ્યું કે આખરે અમે અનુભવ્યું કે આ એક મોટી ભુલ હતી અમારે અમારી પાર્ટી માટે એક બેઠકના સપાના પ્રસ્તાવ પર સહમત થવું જોઈતુ ન હતી અમે ૧૦૦ બેઠકો માટે કહ્યું હતું પરંતુ અમારી માંગને બિલકુલ ઠુકરાવી દેવામાં આવી હતી.

શિવપાલે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૨ની ચુંટણીમાં ચુંટણી પંચ તરફથી પીએસપી એલને ચુંટણી ચિન્હની ફાળવણી કરવામાં વિલંબ પણ એક કારણ હતું જે સપાની સાથે જવાના તેમના નિર્ણય પર ભારે પડયો તેમની પાસે મતદારોની પાસે જવા અને તેમને પોતાના ચુંટણી પ્રતિકથી ઓળખ કરાવવા માટે યોગ્ય સમય બચ્યો ન હતો.

આવનારા દિવસોમાં ભાજપનો સાથ આપવાની સંભાવનાઓ બાબતે પુછવા પર પ્રસપા પ્રમુખે કહ્યું કે પાર્ટી નેતાોએ હજુ સુધી આ મામલા પર ચર્ચા કરી નથી તેમણે કહ્યું કે જયારથી હું રાજનિતિમાં આવ્યો છું ત્યારથી સમાજવાદી વિચારધારાથી પ્રભાવિત રહ્યો છું પાર્ટીને મજબુત કરવાની પોતાની યોજનાઓની બાબતમાં વાત કરતા શિવપાલે કહ્યું કે ગત ૧૫ દિવસની અંદર પાર્ટીએ આદિત્ય યાદવને પ્રદેશ અધ્યક્ષ નિયુકત કર્યા નજીકના ભવિષ્યમાં રાજય અને જીલા કારોબારી સમિતિઓની રચના કરવામાં આવશે.

સત્તારૂઢ ભાજપ પર નિશાન સાધતા શિવપાલે કહ્યું કે સરકાર લોકોની આશાઓ ઉપર ખરી ઉતરી નથી તેમણે કહ્યું કે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે.

ગ્રામીણ વિસ્તારોમાં વિજળીની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે ગામોના લોકોને દરરોજ આઠ કલાક વિજળી પણ મળી રહી નથી તેમણે કહ્યું કે કિસાન સૌથી વધુ પ્રભાવિત છે અને સરકાર તેમની કોઈ પણ રીતની મદદ કરવામાં પુરી રીતે નિષ્ફળ ગઈ છે.

# અંગ્રેજોના જમાનાથી ચાલતા મોડેલમાં પરિવર્તન કરીશું, જેલોને અત્યાધુનિક બનાવાશે

અમદાવાદ,તા.૪

અમદાવાદ શહેરમાં છઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ ૨૦૨૨ આજથી ૬ સપ્ટેમ્બર સુધી યોજાશે. ગુજરાત પોલીસ જેલ વિભાગ અને બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટના સંયુક્ત ઉપક્રમે આ મીટનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ વર્ષ બાદ ગુજરાતને આ મીટનું યજમાન પદ પ્રાપ્ત થયું છે. જેમાં ૧૯ રાજ્યોમાંથી આવેલા ૧૦૩૧ જેલ અધિકારીઓ અને કર્મીઓ ૧૮ જેટલી સ્પર્ધામાં ભાગ લેશે.આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આ મીટમાં ઉપસ્થિત રહ્યાં છે. તેમણે ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટની જાહેરાત કરી છે.

અમિત શાહે કહ્યું હતું કે, પ્રશ્નોતરી, કોમ્પ્યુટરી, સ્વચ્છતા, જેલ, વોલીબોલ,કબબડી, દોડ, ઊંચી કુદ સહિત અનેક સ્પર્ધા છે.દેશમાં જેલને અત્યારે નકારાત્મક માનવામાં આવે છે પરંતુ જેલમાં સુધારા કરીને જેલને યોગ્ય બનાવવી જેમાં જેલમાં હોસ્પિટલ,લાયબ્રેરી, સારું વાતાવરણ હવે ઉભું કરવું જોઈએ.જેલની સુવિધાઓને રાજ્ય મહત્વ આપે તે જરૂરી છે જેથી મોદી સરકાર આવ્યા બાદ ૨૦૧૬માં જેલ મેન્યુઅલની જગ્યાએ મોડલ જેલ મેન્યુઅલ આવ્યું છે. દરેક રાજ્ય આ મોડલ સ્વીકાર કરે તેવો મારો આગ્રહ છે.જેલની નિરીક્ષણ માટે નિયમાવલી બનાવી છે.મોતની સજા મળેલી કેદીઓના અધિકારીઓ શુ હોય તથા અન્ય માહિતી આ મોડલમાં આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે, વીડિયો કોન્ફરન્સની સુવિધા દરેક રાજ્યોએ જેલમાં કરવી જોઈએ તેવો મારો આગ્રહ છે. નાર્કોટિક્સના ગુનામાં આવેલા લોકોને અલગ રાખવાની વ્યવસ્થા જેલમાં કરવી જોઈએ. અમે હવે એક મોડલ એક્ટ પણ લાવવા જઈ રહ્યા છીએ.અંગ્રેજો ના જમાનાથી ચાલતા મોડલમાં પરિવર્તન લવાશે.૬ મહિનામાં જ પરિવર્તન આવશે અને જેલોને અત્યાધુનિક બનાવાશે. અત્યારે તમામ રાજ્યો સાથે વિગતે ચર્ચા ચાલી રહી છે.હાર અને જીત સ્વીકારતા ખેલથી જ આવી શકે છે.બહારથી આવેલા લોકોને સોમનાથ,દ્વારકા અને કેવડિયા માટે ગુજરાત સરકાર ખાસ વ્યવસ્થા કરશે.આ ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ ૨૦૧૬માં તેલંગાણા ખાતે આ મિટ યોજાઈ હતી.

# મુરાદાબાદની પોલીસે લેડી ડોન હસીનાની બે કરોડની ગેરકાયદેસર સંપત્તિ જપ્ત કરી

મુરાદાબાદ,તા.૪

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં પોલીસે ડીએમના આદેશ પર લેડી ડોન હસીનાની કરોડો રૂપિયાની ગેરકાયદેસર સંપત્તિ જપ્ત કરી છે જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાં તેમની જયંતીપુરની કોઠી પણ સામેલ છે.ગસીનાને ત્રણ મહીના પહેલા જ મુરાદાબાદની કોર્ટે માદક પદાર્થોની તસ્કરીના મામલામાં ૧૦ વર્ષની કેદની સજા સંભળાવી હતી ત્યારથી હસીના જેલમાં બંધ છે.

હસીનાની સંપત્તિ પર સરકારી સીલ લગાવ્યા બાદ પોલીસ વિભાગ તરફથી મોહલ્લામાં ઢોલ વગાડીને જાણ પણ કરવામાં આવી હતી. તેને લઈ મુરાદાબાદના વરિષ્ઠ પોલીસ અધીક્ષક (એસએસપી) હેમંત કુટિયાલે કહ્યું કે આ લેડી ડોન હસીના એક કુખ્યાત પ્રકારની અપરાધી છે જેની વિરૂધ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં જુગાર સટ્ટો અને માદક પદાર્થોની ચોરીના ૨૬-૨૭ કેસ દાખલ છે.

તેમણે એ પણ કહ્યું કે હસીનાની વિરૂધ્ધ ગેંગસ્ટર એકટ હેઠળ ચાર્જશીટ પણ ફાઈલ કરી હતી હવે ડીએમના આદેશ પર ૨ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.એસએસપીએ કહ્યું કે હસીનાનું નેટવર્ક ફકત મુરાદાબાદ જ નહીં પરંતુ સમગ્ર વેસ્ટ યુપીમાં ફેલાયેલુ છે.

તેમણે કહ્યું કે વેસ્ટ યુપીમાં નશો અને સટ્ટાની દુનિયામાં હસીના લેડી ડોનનું નામ કુખ્યાત છે મેરઠ હાપુડ અને બુલંદશહેરમાં પણ હસીના ચરસની ચોરીના મામલામાં ચર્ચામાં રહી ચુકી છે. એસએસપી કહ્યું કે જે મામલામાં કોર્ટે તેને ૧૦ વર્ષની કેદની સજા સંભળાવી છે તે મામલો લગભગ ત્રણ વર્ષ જુનો છે. મઝોલા પોલીસ સ્ટેશન વિસ્તારના જયંતીપુરમાં રહેનારી હસીનાની પોલીસ અને ડ્રગ્સ વિભાગની ટીમે ૯ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ ધરપકડ કરી હતી.

# ભાજપ રાજસ્થાનમાં મુખ્યમંત્રીના ચહેરા વિના જ ચુંટણી મેદાનમાં ઉતરવાના પક્ષમાં

જયપુર,તા.૪

કેન્દ્રીય નેતૃત્વથી ન તો માન્યતા અને ન તો રાજયના નેતાઓથી પ્રશંસાની સાથે વરિષ્ઠ ભાજપ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે રાજય ભાજપમાં પોતાનું પ્રભુત્વ બનાવી રાખવા અને ૨૦૨૩માં યોજાનાર વિધાનસભા ચુંટણી માટે પાર્ટી તરફથી મુખ્યમંત્રી પદના ઉમેદવારના રૂપમાં ઉભરવા માટે એક હતાશ લડાઈ લડી રહ્યાં છે.

પોતાના તરફથી ભાજપનું નેતૃત્વ સાવધાનીથી ચાલી રહી છે પાર્ટી એ વાત પર ભાર મુકી રહી છે કે એક વિશિષ્ટ વ્યક્તિ પર ધ્યાન કેન્દ્રીત કરવાની જગ્યાએ તે આ ઉચ્ચ દાવવાળી ચુંટણીઓ પહેલા સંગઠનને મજબુત કરવા લાગી જાય.આગામી છ મહીનામાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ સિંહ જે રાજસ્થાનના પ્રભારી છે કાર્યકર્તાઓનું મનોબળ વધારવા માટે રાજયના તમામ ૩૩ જીલ્લાનો પ્રવાસ કરશે આ અઠવાડીયાના અંતમાં તેઓ ચુંટણી માટે પાર્ટીની બુથ સ્તરીય તૈયારીઓની દેખરેખ માટે ઝુઝુનુ સીકર અને જયપુરનો પ્રવાસ કરશે સિંહ ત્યારબાદ કર્ણાટકની એક ટુંકી મુલાકાત કરી ત્યારબાદ તેઓ ફરી રાજસ્થાનમાં પાર્ટીના ઓબીસી મોરચાની રાષ્ટ્રીય કારોબારીની બેઠક માટે પાછા આવશે જેમાં ગૃહમંત્રી અમિત શાહ અને પાર્ટી પ્રમુખ જે પી નડ્ડા પણ સામેલ થશેસુત્રોનું કહેવુ છે કે રાજે જેમણે ૨૦૧૮ની વિધાનસભા ચુંટણી પહેલા કેન્દ્રીય નેતૃત્વને મુખ્યમંત્રીના ઉમેદવાર બનાવવા માટે મજબુર કર્યા હતાં તે ચુપચાપ બેસી અને રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા ખેંચવામાં આવેલ રેખા પર ચાલનાર નથી જેની સાથે તેમનો સંબંધ સારો નથી અને પાર્ટી સ્પષ્ટ રીતે તેમની કાર્યશૈલીના પક્ષમાં પણ નથી ગત અઠવાડીયે રાજસ્થાનના કેટલાક ભાગોમાં કહો દિલ સે,વસુંધરા ફિર સે,ના સુત્રોવાળા પોસ્ટર પણ લગાવવામાં આવ્યા હતાં.રાજસ્થાનના ઘટનાક્રમથી પરિચિત પાર્ટીના એક નેતાએ કહ્યું કે રાજે એક ફાઈટર છે તે હાર માનશે નહીં તેમને કોઈ ફર્ક પડતો નથી કે કોણ તેમનું સમર્થન કરે છે પાર્ટીના આંતરિક સુત્રોનું કહેવુ છે કે ભાજપના નેતૃત્વને રાજયમાં રાજેના કામ કરવાની પધ્ધતિની બાબતમાં ખુબ વધુ આશંકાઓ છે અને તેમણે તેમની વિરૂધ્ધ રાજય નેતૃત્વની ફરિયાદોને ધ્યાનમાં રાખી છે. કેન્દ્ર અને રાજય બંન્નેના નેતા એ વાત પર ભાર મુકી રહ્યાં છે કે ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૨૩ની વિધાનસભા ચુંટણી લડશે.

## તંત્રી સ્થાનેથી...

# આતંકીઓ પ્રત્યે નરમાઈનાં ઘાતક પરિણામ

*પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ઘૂસણખોરી કોઈ નવી વાત નથી. એ પણ નવી વાત નથી કે હંમશાં એવા આતંકીઓ માર્યા જાય છે કે પછી પકડાઈ જાય છે. એક એવો જ આતંકી તબરીક હુસૈન ૨૧ ઓગસ્ટે કાશ્મીરના નૌશેરાના ઝંગડ ક્ષેત્રમાંથી પકડાયો. તે પોતાના સાથીઓ સાથે સીમા પર લાગેલા તાર કાપી રહ્યો હતો, ત્યારે જ ભારતીય સૈનિકોની એના પર નજર પડી. તેમણે ચેતવણી આપી તો તબરીક સાથે ઘૂસણખોરી કરવા આવેલા આતંકીઓ ભાગવા લાગ્યા. એટલે આપણા સૈનિકોએ ગોળીઓ ચલાવી, જેનાથી તબરીક ઘાયલ થઈ ગયો અને તેના બાકી સાથી ભાગી ગયા. તેને ખભા અને જાંઘ પર ગોળી વાગી હતી અને તેનું ઘણું લોહી પણ વહી ગયું હતું. તેને હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યો, જ્યાં આપણી સેનાના જવાનોએ તેને ત્રણ બોટલ લોહી આપ્યું. તેનું બ્લડ ગ્રુપ ઓ નેગેટિવ હતું, જે દુર્લભ માનવામાં આવે છે. તેની સર્જરી થઈ અને તે હવે ખતરાથી બહાર છે.*

*તબરીક હુસેને જણાવ્યું કે તેને કાશ્મીરમાં આત્મઘાતી હુમલા માટે મોકલવામાં આવ્યો હતો અને તેના માટે પાકિસ્તાની સેનાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના એક કર્નલ યુસુફે ૩૦ હજાર રૂપિયા આપ્યા હતા. હોસ્પિટલની બહાર આવતાં તબરીક હુસેન સાથે શું કરવામાં આવશે, તેની ખબર નથી. જે ખબર છે તે એટલું જ કે તબરીક હુસેને પોતાના ભાઈ હારુન અલી સાથે એપ્રિલ ૨૦૧૬માં પણ ઘૂસણખોરી કરી હતી. ત્યારે પણ તે પકડાઈ ગયો હતો, પરંતુ નવેમ્બર ૨૦૧૭માં તેને માનવીય આધાર પર છોડી મૂકીને પાકિસ્તાનને સોંપી દેવામાં આવ્યો હતો. કોઈ નથી જાણતું કે આ વખતે પણ એવું થશે કે નહીં, પરંતુ તેના વિશે ભારતીય સેનાના બ્રિગેડિયર રાજીવ નૈયરનું એમ કહેવું કેટલાય સવાલો ઊભા કરે છે કે તે અમારા માટે એક સામાન્ય ઘાયલ વ્યક્તિ જેવો જ છે અન એમ માનીને જ તેનો ઉપચાર કરાવવામાં આવી રહ્યો છે. આખરે આત્મઘાતી હુમલા માટે ભારતમાં ઘૂસેલો આતંકી આમ આદમી જેવો કેવી રીતે કહી શકાય? શું ઘાયલ થવાને કારણે તે આતંકી નથી રહ્યો? શું આપણે એની અવગણના કરી દઈએ કે તે ઘૂસણખોરી કરવામાં સફળ રહ્યો હોત તો આપણાં સુરક્ષા દળોના કોઈ ઠેકાણા કે પછી તેના કાફલા પર હુમલો કરતો. આવા કોઈ હુમલામાં શું થાત, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.*

*કોઈના માટે પણ એ સમજવું મુશ્કેલ છે કે આત્મઘાતી હુમલા માટે ભારતમાં ઘૂસેલા આતંકી તબરીક હુસૈનને ૨૦૧૭માં કયા માનવીય આધાર પર છોડી દઈને પાકિસ્તાનને સોંપી દેવામાં આવતો હતો? શું આતંકીઓના પણ માનવાધિકાર હોય છે? કે પછી માની લેવામાં આવ્યું છે કે તેમના પર દયા દેખાડીને તેમનું હૃદય પરિવર્તન કરી શકાય છે? જો એવું કંઈક વિચારવામાં આવતું હોય તો તે આત્મઘાતી ઉદારતા સિવાય બીજું કશું જ નથી. વાસ્તવમાં આ ઘટના એ જ સદીઓ જૂની માનસિકતાની યાદ દેવડાવે છે જે અંતર્ગત આપણા અસ્તિત્વને ભૂંસી નાખવા તત્પર ખૂંખાર-બર્બર આક્રાંતાઓ પ્રત્યે પણ ઉદારતા દેખાડવામાં આવતી હતી અને તેમને જડમૂળથી ખતમ કરવાને બદલે તેમને માફ કરી દેવામાં આવતા હતા. ઈતિહાસ સાક્ષી છે કે આવું કરવાનાં કેટલાં ઘાતક પરિણામ જોવા મળ્યાં છે.*

# ભીમશંકર જ્યોર્તિલિંગની કથા



ભીમાશંકર જ્યોર્તિલીંગ મહારાષ્ટ્રના પુણે નજીક ખેડ તાલુકામાં આવેલું છઠ્ઠું જ્યોતિર્લિંગ છે.આ મંદિર પુણેના શિવાજી નગરથી ૧૨૭ કિમી દૂર સહ્યાદ્રીની પર્વતમાળામાં આવેલું છે.આ સ્થળ ભીમા નામની નદીનું ઉદગમ સ્થાન પણ છે.આ નદી આગળ જઈ રાયચુર પાસે કૃષ્ણા નદીને મળે છે.આ મંદિરનું બાંધકામ પ્રાચીન અને અર્વાચીન નાગર શૈલીમાં કરવામાં આવ્યું છે.આનું નિર્માણ ૧૩મી સદીમાં થયું હતું અને સભામંડપ ૧૮મી સદીમાં નાના ફડનવીસે બંધાવડાવ્યો હતો.મંદિરનું શિખર પણ નાના ફડનવીસે બનાવડાવ્યું હતું.અન્ય શિવ મંદિરની જેમજ આનું ગર્ભગૃહ નીચાણમાં આવેલું છે.

અહીંનું સ્થાપત્ય એકંદરે નવું છે પણ ૧૩મી સદીના સાહિત્યમાં અહીંના ભીમાશંકર મંદિર અને ભીમારથી નદીનો ઉલ્લેખ જોવા મળે છે.અહીંના પટાંગણમાં રોમન શૈલીનો એક વિશિષ્ટ ઘંટ જોવા મળે છે, આ ઘંટ ચીમાજી અપ્પા (બાજીરાવ પેશ્વા પ્રથમના ભાઈ અને નાનાસાહેબ પેશ્વાના કાકા) દ્વારા ભેટ આપ્યો હતો.ભીમાશંકર મંદિરની બાજુમાં કમલાજાનું સ્મારક છે.કમલાજા એ પાર્વતીનો એક અવતાર છે જેમણે ત્રિપુરાસુર સામેના યુદ્ધમાં ભગવાન શંકરને મદદ કરી હતી.બ્રહ્માએ કમળના ફૂલ દ્વારા કમલાજાને પૂજયા હતા.દાનવો સામેનાં યુદ્ધમાં શાકીની અને ડાકીની નામના શિવગણોએ શિવજીને મદદ કરી હતી,તેમને પણ અહીં પુજવામાં આવે છે.ભીમાશંકર મંદિરની પાછળ મોક્ષકુંડ તીર્થ આવેલું છે,આનો સંબંધ ઋષિ કૌશિક સાથે છે.આ સાથે અહીં સર્વતીર્થ,કુશારણ્ય તીર્થ અને જયકુંડ આવેલા છે.કુશારણ્ય તીર્થ આગળ ભીમા નદી પૂર્વ તરફનું વહેણ ચાલુ કરે છે.

ભીમાશંકર એ પ્રાચીન દેવસ્થાન છે.તે શિવના બાર જ્યોતીર્લિંગમાંનું એક છે.શહેરી જીવનથી દૂર સફેદ વાદળોની વચમાંથી ડોકીયું કરતા આ સ્થળને જાત્રાળુઓનું સ્વર્ગ કહી શકાય છે.આ સ્થળની આસપાસની ટેકરીઓ પર આવેલા ગીચ જંગલો ઘણી લુપ્તપ્રાય: પ્રાણી અને વનસ્પતિ પ્રજાતિનું આશ્રય સ્થાન છે.પશ્ચિમ ઘાટના છેડે આવેલું આ સ્થળ આસપાસના ક્ષેત્ર,નદીઓ અને ટેકરીઓનું મનોરમ્ય દ્રશ્ય પુરું પાડે છે.ભીમાશંકરમાં એ ભીમા નદીનું મૂળ છે.આ નદી અગ્નિ દિશામાં વહીને કૃષ્ણા નદીને મળે છે. જંગલોની અવિરત હારમાળા,પર્વતના શિખરો,ભીમા નદીના પાણીનો ગણગણાટ આ સૌને કારણે આ સ્થળ ખરેખર સ્વર્ગ સમાન લાગે છે.

આપણા દેશમાં એવા ઘણા સ્થળો છે જ્યાં ગયા પછી જુદો જુદો ભાવ જાગૃત થાય છે.આજથી હજારો વર્ષો પહેલાં સહ્યાદ્રિ પર્વતની આજુબાજુના વિસ્તારમાં એક પ્રભાવશાળી,અતિશય ખુબસૂરત કર્કટી નામની રાક્ષસી રહેતી હતી.લોકો ઉપર તેનું વર્ચસ્વ હતું.સમાજમાં તેનું બહુમાન થતું હતું.લોકો તેનો પડ્યો બોલ ઝીલતા હતા.લોકો તેની સલાહ લેવા આવતા હતા.તેને એક નાનો હોશિયાર ચબરાક ભીમ નામનો પૂત્ર હતો.આપણી એવી સમજણ છે કે રાક્ષસ એટલે લાંબા દાંત,મોટા નખ,ભયંકર બિહામણો ચહેરો હોય પરંતુ આ સત્ય નથી.''ખાઓ-પીવો અને મજા કરો..એવું ભોગવાદી જીવન જીવનાર,ભગવાનને ન માનનાર,ભોગોમાં જ રચ્યાપચ્યા રહેનારને રાક્ષસ કહેવામાં આવે છે.'' એકવાર પોતાનો ભૂતકાળ યાદ આવતા વૃક્ષની પાછળ છુપાઈને કર્કટી રડી રહી હતી તે ભીમ જોઇ જાય છે.અનેકોનો આધાર મારી માઁ નિરાધારની જેમ કેમ રડે છે? ત્યારે કર્કટી કહે છે કે બેટા મને મારો ભૂતકાળ યાદ આવતાં હૈયું ભરાઇ આવ્યું છે.ભીમ કહે છે કે માઁ તને મારા બાપુજીની યાદ આવી? મને પણ યાદ આવે છે.તૂં મને બતાવ કે મારા પિતાજી કોન છે? ક્યાં રહે છે? તેમનું નામ શું છે? ભીમે જ્યારે બહુ જીદ કરી ત્યારે કર્કટી કહે છે કે તર્કટ-વિરાટ નામના શક્તિશાળી વીર સાથે ઠાઠમાઠથી મારૂ લગ્ન થયું. અમારા દિવસો ખુબ જ સુખમાં પસાર થતા હતા.એકવાર ઋષિમુનીઓ સાથે રામ આવ્યા અને મારા પતિ સાથે ખટપટ થતાં રામે મારા પતિને મારી નાખ્યા.વિરાટના મૃત્યુ સાથે જ મારૂ સંસારસુખ હણાઇ ગયું.મારા સ્વપ્નો વેરવિખેર થઇ ગયા.વિધવા દશામાં હું પિયર આવી.મારા માતાપિતા પણ દુ:ખી થયા અને તેમને પણ બ્રાહ્મણો અને ઋષિઓ ઉપર નફરત ઉભી થઇ.તે સમયે ઋષિમુનીઓને માનનારો અગત્સ્યનો શિષ્ય સુતિક્ષ્ણ રાજા હતો.વેર લેવાની વૃત્તિથી મારા પિતા સુતિક્ષ્ણ પાસે ગયા,સંઘર્ષ થતાં તેને મારા પિતાને પણ મારી નાખ્યા. હું યુવાન,રૂપવતી,સુંદરતાની મૂર્તિ અને કડક સ્વભાવની હોવાથી આસપાસના લોકો મારાથી દબાયેલા રહેતા અને મારો આદર કરતા હતા.મારો હાથ પકડવાની કે મારી ઉપર ખરાબ નજર કરવાની કોઇ હિંમત નહોતું કરતું પરંતુ એક દિવસ એક યુવકે અજ્ઞાત સ્થાનમાં મારો હાથ પકડ્યો,અમારી ચાર આંખો એક થઇ.તે શૂરવીર હતો અને ઋષિમુનીઓનો કટ્ટર વિરોધી હતો.હું ખુબ ખુશ થઇ,અમારી વચ્ચે પ્રિત બંધાઇ અને અમે એકબીજા સાથે પરણવાનું વચન આપ્યું.અમારા દિવસો આનંદમાં જતા હતા,તે લંકાનો રાજકુંવાર કુંભકર્ણ હતો.તારો જનમ થાય ત્યાર પહેલાં જ તેમને લંકામાં જવું પડ્યું.મેં તેમની સાથે લંકા જવાની જીદ કરી ત્યારે તેણે કહ્યું કે મોટાભાઇને કહીને તને ઠાઠમાઠથી લઇ જઇશ.હું તેમની રાહ જોઇ રહી હતી ત્યારે જ મને સમાચાર મળ્યા કે રામ-રાવણના યુદ્ધમાં તારા પિતાજીને રામે હણી નાખ્યા છે.હવે તૂં જ એકમાત્ર સહારો છે એમ કહીને કર્કટી રડી પડે છે.ભીમના મનમાં ઋષિમુનિઓ વિરૂદ્ધ કર્કટીએ હળાહળ ઝેર રેડ્યું.ભીમ અત્યંત ક્રોધે ભરાયો અને પોતાની માઁ ઉપર થયેલ અન્યાયનો બદલો લેવા તે તૈયાર થયો.

તમામ હકીકત સાંભળીને ભીમ અત્યંત ક્રોધે ભરાયો અને તેણે ભગવાન વિષ્ણુ સાથે વેર વાળવાનું નક્કી કર્યું.આ માટે તેણે બ્રહ્માજીને પ્રસન્ન કરવા કઠોર તપશ્ચર્યા કરી.કરૂણામય સૃષ્ટિના રચયિતા બ્રહ્માજી તેની તપસ્યા જોઈ પ્રસન્ન થયા અને તેને શક્તિ વરદાન સ્વરૂપે આપી અને આ શક્તિના જોરે ભીમાસુર બેફામ બન્યો. જેમને મારી માઁ ને બે બે વાર વિધવા બનાવી,મારા પિતાને માર્યા તેમની સામે બદલો લઇશ.તેને ઇશ્વરવિમુખ સમાજ નિર્માણ કર્યો.ઋષિમુનિઓનો સંહાર કરતો ગયો.તે સમયે ફક્ત સુદક્ષિણ નામનો રાજા બાકી રહ્યો હતો તેને પકડીને સહ્યાદ્રિ પર્વત ઉપર કેદ કર્યો.મૂર્તિપૂજા બંધ થઇ.યજ્ઞો બંધ થયા.

થોડા સાત્વિક લોકો સહ્યાદ્રિ પર્વત ઉપર ભેગા થયા.આ કર્મયોગીઓની નિષ્ઠા જોઇ ભગવાને વિરાટ સ્વરૂપે તેમને દર્શન આપ્યા અને કહ્યું કે ડરો છો શા માટે? જગતમાંથી શ્રદ્ધા નિષ્ઠા અને મક્કમતા રાક્ષસોથી હટશે નહી માટે તમે લડવા જાઓ તમારી સાથે ઈશશક્તિ ઉભી છે.હુંકારમાંથી પ્રચંડ શક્તિ નિર્માણ થઇ તેઓના પરસેવા અને લોહીથી નદી વહેવા લાગી તે નદી એ જ ભીમાનદી.ભીમાનદીના કાંઠે સુદક્ષિણ અને ભીમાસુર વચ્ચે ભયંકર યુદ્ધ થયું અને ભીમાસુર મરાયો.સુદક્ષિણ રાજા બન્યો ત્યારે તેણે કહ્યું કે ભગવાન અમારૂં સદભાગ્ય કે આપના દર્શન થયા.

અમારા કરતાં વધારે તપશ્ચર્યા કરનારને પણ આપનાં દર્શન થતા નથી પરંતુ અમોને દર્શન થયા તેનું કારણ ભીમ હતો તે વીર હતો તેને અને આ રાક્ષસોના સંહાર કરવા તમે આવ્યા તેમણે જે સત્યાનાશ કર્યો છે તેના પુનઃનિર્માણ કરવા, ભક્તોને સાંત્વના આપવા તમે અહી જ રહો.ભક્તોની ભક્તિના લીધે ભગવાનને આવવું પડ્યું તે રીતે શત્રુની પ્રચંડ શક્તિના લીધે ભગવાનને આવવું પડ્યું તેનું લોકોને સ્મરણ રહે તેથી ભીમનું નામ ભગવાન શિવના નામ સાથે જોડી દેવામાં આવ્યું તે ભીમાશંકર જ્યોર્તિલિંગ.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી, તા.શહેરા
(પંચમહાલ)
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સત્ય ની આંખે (ભાગ-૨૬)

## ૫ સપ્ટેમ્બર – રાષ્ટ્રીય શિક્ષક દિન




આજે રાષ્ટ્રીય શિક્ષક દિન છે. આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં એમના જન્મદિવસને રાષ્ટ્રીય શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. ડૉ. રાધાકૃષ્ણનનનો જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તામિલનાડુમાં થયો હતો. ડૉ. રાધાકૃષ્ણન એ તત્વચિંતક અને રાજપુરુષ હતાં. ભારત સરકાર દ્વારા ઈ.સ. ૧૯૬૪ થી ૫ સપ્ટેમ્બરના દિવસને ભારતભરમાં 'શિક્ષકદિન' તરીકે ઊજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ડૉ. રાધાકૃષ્ણનના મતે રાષ્ટ્રનું ઘડતર અને ચણતર શિક્ષણસંસ્થામાં થાય છે. દેશના બાળકો એ દેશનું ભવિષ્ય છે અને દેશના વિકાસના આ પાયાને મજબૂત કરવાનું કામ એક શિક્ષક જ કરે છે. શિક્ષણ વિશેનું વ્યાપક મનોમંથન ડૉ. રાધાકૃષ્ણનના જીવનનું કેંદ્રબિંદુ રહ્યુ છે. તેઓ સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના વિદ્વાન અને તત્વચિંતક હતા, જેને લીધે એમને 'ભારતના પ્લેટો' કહેવાતા હતા.

મિત્રો સાચા અર્થમાં શિક્ષક દિન એટલે 'જે માતૃહૃદય રાખીને શીખવે એનું નામ શિક્ષક' દરેક વ્યક્તિના ઘડતરમાં બે વ્યક્તિઓનો વિશેષ ફાળો રહેલો છે. એક છે વ્યક્તિની માતા અને બીજા ઉત્તમ શિક્ષક. માનવીનો શારીરિક વિકાસ તો તેની માતા કરે છે, પરંતુ માનવી પોતાનો માનસિક અને આધ્યાત્મિક વિકાસ તેના શિક્ષક થકી જ પ્રાપ્ત કરે છે. આદર્શ શિક્ષક તમને જીવનમાં આગળ વધવા માટે પ્રેરક બળ, દિશા અને પ્રોત્સાહન પૂરું પાડે છે. શિક્ષણ જ માનવ જીવનના કલ્યાણની ચાવી છે.છે.શિક્ષણથી માણસને આંખ અને પાંખ બંને મળે છે. શિક્ષક સત્યવાન હોવો જોઈએ. શિક્ષકની વાણી, વર્તન અને વિચારમાં ક્યાંય અસત્યનો રણકાર ન હોવો જોઈએ. શિક્ષક અને સેનાપતિ બંનેનું કાર્ય સરખું છે, બંને રખોપા કરે છે અને રક્ષક ક્યારેય અસત્યનો આશ્રિત ન હોઈ શકે.

આજની સત્ય વાસ્તવિકતા એક જ શિક્ષકના હાથમા ભણેલા બે વિધાર્થીઓ મા સામર્થ્ય શક્તિ કે નૈતિક મુલ્ય કદી પણ સમાન ન હોય શકે.સમાજના ફલક પર એક વાત વારંવાર સાંભળી ખરેખર દુ:ખ થાય છે. ઘણા લોકો ડગલે ને પગલે એવી વાતો કરતા હોય છે કે શિક્ષકો મફત નો પગાર લે છે.શિક્ષકો ને જલસા જ જલસા છે માસ્તરો વેકેશન ભોગવે છે.શિક્ષકો ભણાવતા નથી.શિક્ષકો કંજુસ એટલે કે અતિ કરકસર કરવા વાળા હોય છે. તો આવી મનો સ્થિતી ધરાવતા લોકો માટે મુખ્ય સવાલ એ છે જો એવું જ હોય તો 'મા ' જેટલા ઊંચા સ્તર પર એને શું કામ મુકવામા આવે છે?સરકારી ઓફિસોમાં કરવાના થતા ચોકસાઈ વાળા કામો જેવા કે વસ્તી ગણતરી, મતદાર નોંધણી એ બધું મફતનો પગાર લેનાર કરી શકે?શિક્ષકો વર્દી ધારી રિશ્વતખોરો છે? આવું કેટલાક બોલતા હોય છે. શિક્ષકો ને ટેબલ નીચે થી થતી આવક નથી એટલે એ કરકસર યુક્ત જીવન શૈલી અપનાવે છે. આવું પણ બોલે છે.

બીજી તરફ જોઈએ તો હાલમાં જરૂર છે ટૂંકમાં બાળકોને જે વિષયોમાં રસ હોય એ વિષયો પર વધુ ધ્યાન આપતું શિક્ષણ એટ્લે વર્તમાન શિક્ષણ.

વર્તમાન શિક્ષણ એટ્લે જેને જેવુ જોઈએ છે અથવા તો જેને જેમાં રુચિ છે,રસ છે તેને તેવું શિક્ષણ આપવું.. મુક્ત મને બાળકને ખીલવાનો મોકો આપીશું તો એ સફળતાનાં સર્વોચ્ચ શિખરો સર કરી શકશે..''ટોકવા'' કરતા ''ટેકો'' આપવાની વધુ જરૂર હોઈ છે.તમે બાળકોને સમજશો તો બાળક ચોક્કસ તમને સમજશે..અને હળવા વાતવરણમાં બાળક સારું પરફોર્મ કરી શકતું હોય છે.

આજનું ''શિક્ષણ'' જાણે બાળકોની ''ક્ષણે ક્ષણ'' છીનવવા આતુર હોઈ તેવું લાગે છે. જે દેશના બાળકોને ''માસ પ્રમોશન'' આપવાથી અને ''પરીક્ષાઓ'' કેન્સલ થવાથી ખુશી થતી હોઈ અને ''પબજી'' જેવી ગેઈમ્સ બંધ થવાથી દુઃખ થતું હોઈ તે દેશનું ભવિષ્ય અંધકાર તરફ છે.

અત્યાર નું શિક્ષણ માત્ર ડીગ્રી ફ્રેમ કરી દીવાલ પર લટકાવવા પૂરતું જ સીમિત છેપ. એ સાચી વાસ્તવિકતા છેપઆજે ખરેખર શિક્ષણ, શિક્ષક, બાળકો ને સાચા અર્થમાં જો સમજવામાં આવે તો દેશમાં એક પણ બાક્ષક શિક્ષણ થી વંચિત ના રહે. પણ જયાં સુધી શિક્ષણમાં ભ્રષ્ટાચાર હશે ત્યાં સુધી દેશનું ભાવિ ડામાડોળ રહેશે. આજે શિક્ષકદિન છે, સારા મિત્રોનું સન્માન થશે. સમાજમાં શિક્ષકની જેટલી પ્રતિષ્ઠા વધશે તેટલી શિક્ષકની વાતનો સમાજમાં સ્વીકાર થશે. પાણીની ટાંકી જેટલી ઊંચી હશે એટલો પાણીનો વ્યાપ વધારે હશે. શિક્ષકની સમજ અને વિચાર આચાર જેટલા ઊંચા હશે તેટલા સમાજના આચાર વિચાર ઊંચા જશે. શિક્ષણની ઊંચાઈથી કોઈ સમાજ ઊંચો જઈ શકે નહીં. સમાજની ઊંચાઈ વધારવી હોય તો શિક્ષણની ઊંચાઈ વધારવી પડશે. શિક્ષણની ગરિમાને ઊંચાઈ આપનાર સૌ શિક્ષક મિત્રોને વંદન સહ અભિનંદન.

**મીનાક્ષી રાવલ**
**ગાંધીનગર**

## ગણેશ પંડાલમાં ડાન્સ કરતા અચાનક પડી જતા યુવકનું મોત,લોકો એક્ટિંગનો ભાગ સમજી રહ્યા હતા

બરેલી,તા.૪

ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં જન્મદિવસની પાર્ટી દરમિયાન ડાન્સ કરતા યુવકના મોતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં યુવક મિત્રની બર્થડે પાર્ટીમાં ડાન્સ કરી રહ્યો હતો. અચાનક બેભાન થઈ જતાં તેણે જીવ ગુમાવ્યો હતો. આવો જ એક વીડિયો ફરીથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે પરંતુ તે યુપીના મૈનપુરી જિલ્લાનો છે. ગણેશ ચતુર્થીના કાર્યક્રમમાં હનુમાનના રૂપમાં નૃત્ય કરી રહેલો એક યુવક અચાનક પડી જાય છે અને તે પછી તે જાતે જ ઊઠી શકતો નથી. ઉતાવળમાં સ્થળ પર હાજર લોકોએ યુવકને ઉપાડી લીધો હતો.

મળતી માહિતી મુજબ, શહેરના કોતવાલી વિસ્તારની વંશી ગૌરાની છે. જ્યાં ગણેશ ચતુર્થી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં, રાજા કા બાગ શેરી નંબર ૭૭માં રહેતો ૩૫ વર્ષીય રવિ શર્મા પુત્ર રામવિલાસ પંડાલમાં હનુમાન સ્વરૂપ સાથે ડાન્સ કરી રહ્યો હતો. આ કાર્યક્રમમાં હનુમાનના રૂપમાં ડાન્સ કરી રહેલા એક યુવકને અચાનક હાર્ટ એટેક આવ્યો અને તે બેભાન થઈ ગયો. થોડા સમય સુધી લોકો સમજી શક્યા ન હતા કે શું થયું છે? તે જ સમયે, જ્યારે યુવક ઉભો ન થઈ શક્યો, ત્યારે ત્યાં હાજર સ્થાનિક લોકોએ યુવકને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કર્યો, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. યુવકના આકસ્મિક મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પરિવારને આ ઘટનાની જાણ થતાં જ પરિવારમાં આક્રોશ વ્યાપી ગયો હતો. મૃતક યુવકના પરિવારજનોમાં શોકનો માહોલ છે. યુવકના પરિવારજનો પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના જ જિલ્લા હોસ્પિટલમાંથી મૃતદેહને ઘરે લાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન યુવક ડાન્સ કરતો અને અચાનક બેભાન થઈ જવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે યુવક હનુમાનની વેશભૂષા પહેરીને ડાન્સ કરી રહ્યો છે. પછી અચાનક તે પડી જાય છે. આટલું જ નહીં, તે થોડીવાર માટે ઉઠવાનો પણ પ્રયાસ કરે છે, પરંતુ તે પછી તે પોતાની જાતને ઉંચકવામાં અસમર્થ રહે છે. જ્યારે આયોજકો તેને ઉઠાવવાનો પ્રયાસ કરે છે ત્યારે તે ઉઠતો નથી.

## મધ્ય પ્રદેશના ઈટારસીમાં કરણી સેનાના નગરમંત્રીની જાહેરમાં હત્યા, ૩ની ધરપકડ

નર્મદાપુરમ,તા.૪

નર્મદાપુરમમાં ઈટારસીમાં શુક્રવારે રાતે કેટલાક શખસોએ કરણી સેનાના નગરમંત્રીની હત્યા કરી નાંખી છે. ૩ આરોપીએ મળીને સૂરજગંજ રોડ પર રોહિતસિંહ રાજપૂત અને તેના દોસ્ત સચિન પટેલ પર ચાકુથી હુમલો કર્યો હતો. હેરાનીની વાત તો એ છે કે, જે વખતે આ હત્યા થઈ રહી હતી ત્યારે ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. તેમાંથી એકપણ વ્યક્તિ બચાવવા માટે ગયો નહોતો. એક શખસે આ હત્યાકાંડનો વીડિયો બનાવીને વાઈરલ કર્યો છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આ ઉપરાંત આરોપીઓની ધરપકડ કરી જુલૂસ પણ કાઢ્યું હતું.

મળતી માહિતી પ્રમાણે, રાતે સવા આઠ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. રોહિત મુખ્ય બજારમાં દોસ્ત સાથે વાચતીત કરતો હતો.

ત્યારે અચાનક ત્યાં ત્રણ શખસો આવ્યા અને તેની સાથે માથાકૂટ કરવા લાગ્યાં. તેમની વચ્ચે વિવાદ વધતા એકે ચાકુ કાઢી રોહિતના પેટમાં નાંખી દીધું. આરોપીએ રોહિતને ઉપરાછાપરી ચાકુના ઘા માર્યા. આ જોઈને તેના મિત્રો તેને બચાવવા પહોંચ્યા હતા. ત્યારે આરોપીઓએ તેના પર પણ હુમલો કર્યો હતો. ત્યાં ઊભેલા લોકોએ તરત જ પોલીસને આ ઘટનાની જાણ કરી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

ત્યારે રોહિતનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, તો બીજી તરફ તેના મિત્રોની હાલત ગંભીર છે.

## શબાના આઝમી, જાવેદ જેવા લોકો ગેંગના સ્લીપર સેલના એજન્ટ: ભાજપ નેતા નરોત્તમ મિશ્રા

ભોપાલ,તા.૪

મધ્ય પ્રદેશના ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરોત્તમ મિશ્રા પોતાના નિવેદનોના લીધે સતત ચર્ચાનો વિષય બની રહે છે. બોલીવુડ અભિનેત્રી શબાના આઝમીએ ગુરુવારે બિલકિસ બાનો સામૂહિક દુષ્કર્મના દોષિઓને છોડવાના મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી. તેના પર નરોત્તમ મિશ્રાએ શબાના આઝમી, જાવેદ અખ્તર અને નસીસુદ્દીન શાહને ટુકડે ટુકડે ગેંગના એજન્ટ અને સ્લીપર સેલ ગણાવ્યા હતા.મધ્ય પ્રદેશના ગૃહમંત્રી એ મીડિયાકર્મીઓથી વાત કરતા કહ્યુ કે, જ્યારે ગેરભાજપ રાજ્યમાં અપરાધ થાય છે તો આ લોકો એક શબ્દ પણ નથી બોલતા. કારણ કે, તેમને ફક્ત ભાજપ શાસિત રાજ્યોમાં અપરાધ દેખાય છે. આ દરેકને દેશમાં રહેવાનો ડર લાગવા લાગશે. આ દરેક લોકો ગળા ફાડી ફાડીને બોલવા લાગશે.ભાજપ નેતાએ આગળ કહ્યુ કે, ઝારખંડમાં જ્યારે એક નાબાલિક છોકરીને જીવતી સળગાવી દેવામં આવી તો લોકો ચુપ કેમ હતાં, રાજસ્થાનમાં કન્હેયા લાલની હત્યા પર એક શબ્દ પણ ન બોલ્યા. નરોત્તમ મિશ્રાએ શબાના આઝમી અને નસીરુદ્દીન શાહ જેવા લોકોને ટુકડે ટુકડે ગેંગના સ્લીપર સેલ અને એજટ ગણાવ્યા અને કહ્યુ કે, કોંગ્રેસ શાસિત રાજયોમાં થઇ રહેલી ઘટનાઓ પર આ લોકો મૌન રહે છે. આગળ કહ્યુ કે, એ જ લોકો છે કે, જેમણે એવોર્ડ વાપસીની પહેલ કરી હતી. હવે આ લોકોની પોલ ખુલી ચૂકી છે.ગુરુવારે એક પ્રાઈવેટ ન્યૂઝ ચેનલ સાથેવાત કરતા અભિનેત્રી શબાના આઝમીએ કહ્યું હતું કે, બિલકિસ બાનોએ હિમ્મત નથી હારી. તે સતત લડી. તેણે એ લોકોને દોષી ઠેરવ્યા અને જે રીતે તેના પતિએ કહ્યું કે, જ્યારે તે પોતાનું જીવન સામાન્ય રીતે જીવતી હતી, ત્યારે જ ન્યાયનો આ મોટો મજાક બની ગયો.બિલકિસ બાનોની સાથે સામૂહિક દુષ્કર્મ અને તેમના પરિવારના સાત સભ્યોની હત્યાના મુદ્દે ઉંમરકેદની સજા મેળવનારા ૧૧ લોકોને ગુજરાત સરકારે પોતાની છૂટ નીતિ હેઠળ છોડી દેવાની અનુમતિ આપી દીધી, જે બાદ ૧૫મી ઓગસ્ટના રોજ દરેક દોષી ગોધરા સબ જેલથી બહાર નીકળી ગયા હતા.

# શિવસેનાનો એકનાથ શિંદે અને ભાજપ પર હુમલો- આ બધા નકલી હિન્દુત્વનો પ્રચાર કરે છે...

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં શિવસેના અને એકનાથ શિંદે સરકાર વચ્ચે સતત શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે. શિવસેનાએ મુખપત્ર સામના દ્વારા એકનાથ શિંદે અને બીજેપી પર હુમલો કરતા તેમના પર ખોટા હિન્દુત્વના પ્રચારનો આક્ષેપ કર્યો છે. આ સાથે જ લખ્યું છે કે, બીજેપી તેમને પાલખીમાં ફેરવી રહી છે. પોતાના તાજેતરમાં પ્રકાશિત થયેલા સંપાદનમાં શિવસેનાએ બાબા રામદેવ ઉપર પણ કેટલાક આરોપ લગાવ્યા છે.સામનામાં લખ્યું છે કે, 'મહારાષ્ટ્રમાં આજે પ્રતિબંધ મુક્ત ગણેશ ઉત્સવની ઊજવણી કરવામાં આવી રહી છે. તેનો શ્રેય ઉદ્ધવ ઠાકરેને જ મળવો જોઈએ. ગત બે વર્ષોમાં તેઓ કોરોના સામે લડ્યાં, બે વર્ષ સુધી કડક પ્રતિબંધોને અમલમાં લાવ્યા. લોકોમાં



જાગૃતતા લાવ્યા. તેના કારણે જ આજે પ્રતિબંધોથી મુક્ત, સ્વચ્છંદ પર્વની ઊજવણી કરવામાં આવી રહી છે. શિંદે-ફડણવીસની સરકાર 'ટપકી' આ તેને કારણે નથી થયું.

'શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે, ગણેશ ઉત્સવના મહત્વને ઘટાડવામાં આવી રહ્યું છે.

જે જાહેર ગણેશ ઉત્સવની શરૂઆત મહારાષ્ટ્રથી થઈ, તે મહારાષ્ટ્રમાં જાહેર ઉત્સવના મહત્વને ખતમ કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર જ હિન્દુત્વની મૂળ ભૂમિ છે. વીર સાવરકર, શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે અને પહેલા સરસંઘચાલક અહીં જ જનમ્યાં છે. તે જ મહારાષ્ટ્રમાં નકલી હિન્દુત્વને સિંહાસન પર બેસાડીને પાલખીમાં ફેરવવામાં આવી રહ્યું છે. પાલખીનો કહાર કોણ છે?

# મોંઘવારીની ગાડી રિવર્સ ગેરમાં ચાલવા માંડી.!!!

" ગિરધરભાઇ ખુશખબર છે!" રાજુનું મોં હસું હસું થઇ રહ્યું હતું.

" રાજુ. કોંન્ગ્રેચ્યુલેશન ફ્રોમ ધી બોટમ ઓફ હાર્ટ" મેં રાજુને અભિનંદન પાઠવ્યા.

" લોટસ ઓફ થેંકસ!" કહી રાજુએ મારું સ્વાગત કર્યું, અભિવાદન કર્યું, અભિનંદન કર્યું.

"રાજુ. તારી વાગ્દતા એટલે કે ફિયાન્સી શું ભણી છે? કેટલી ઉંમરની છે? નોકરી કરે છે? મેં સવાલોનો મારો ચલાવ્યો.

" વેઇટ એ મિનિટ, ગિરધરભાઇ. તમે શું સમજ્યા છો?" રાજુએ મને અટકાવીને પૂછ્યું.

" રાજુ તું જે કહું છું, તે જ હું સમજું છું!!" મેં રાજુને કહ્યું.

" ના, ગિરધરભાઇ તમે જે સમજો છો, તેવું મેં કહ્યું નથી. "રાજુએ કોકડું રોકડું ગૂંચવ્યું.

" રાજુ. હું એમ સમજયો કે માંડ માંડ તું ડાળીએ વળગ્યો. કોઇ ફલોરેન્સ નાઇટિંગલે તને લગ્ન માટે હા પાડી!" મેં મારી સમજણનો ઘટસ્ફોટ કર્યો!!

" ગિરધરભાઇ . અમારા બબ્બર શેરે કરી બતાવ્યું. બબ્બર શેર હૈ તો મુમકીન હૈ!! જો, અમારા શેર દિવસના ૨૪ કલાકમાંથી અઢાર-અઢાર કલાક કઠોર પરિશ્રમ કર્યો, એસીમાં પણ પસીનો વહેડાવ્યો. પસીનાનો મુખકમળ પર મસાજ કર્યો, એનું તેજ વધી ગયું. એલઇડી બિલ કે હેલોઝન બલ્બ ઝાંખા પડી જાય એવું પાવરહાઉસ છે!! "બોલતાં બોલતાં રાજુ ભક્તિભાવથી ભાવવિભોર થઇ ગયો!

" રાજુ,આરતી જ ઉતારતો રહીશ ? પછી બબ્બર શેરે શું કારનામા કર્યા એ પણ કહીશ?" અમે રાજુને મૂળ વાત પર આવવા કહ્યું.

" ગિરધરભાઇ . આઝાદી મળ્યા પછી એક ડોલરના ૮૦ રૂપિયા થઇ ગયા હતા! સાહેબના પ્રયાસોથી રૂપિયો પૂરા એકાવન પૈસા ઊછળ્યો!! ડોલર ૭૯.૪૪ રૂપિયે લડખડાઇ ગયો!! બે ત્રણ મહિના પહેલા કેળાંના ભાવો ઐતિહાસિક સપાટીએ પહોંચેલા તેમાં ૫૦% ઘટાડો થયો અને ૧૯૦ રૂપિયે મણ થઇ ગયા!!"રાજુના અવાજમાં આનંદનો રણકો હતો.

" રાજુ . એ કાકતાલિકા અલંકાર કહેવાય!!" મેં રાજુને ચૂંટલો ખણ્યો!!

"ગિરધરભાઇ. સિંગતેલનો ડબ્બો ત્રણ હજારે પહોંચેલો. અધધધ ભાવ! ગરીબ વર્ગ કાચની શીશીમાં પળી તેલ લાવીને જેમતેમ જીવનનું ગાડું ગબડાવતો હતો. આ ભાવવધારાથી તેની દશા શું થાય?? ગરીબ વર્ગના કલ્યાણ માટે ભાવ વધારાને નાથવા એકધારા પ્રયત્નો કર્યા ત્યારે ડબ્બે પચાસ રૂપિયા ઘટ્યા છે. ભાવ વધારા માટે કહેવાય છે કે મસાણે ગયેલા મડદા પાછા ન આવે. અમારી બબ્બર શેરે મસાણે ગયેલા મડદા પાછા લાવવાનું ભગીરથ કામ કર્યું છે!!" રાજુએ સરકારની પીઠ થાબડી!!

" ગિરધરભાઇ . આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ ઘટવાને પગલે હોટેલ અને રેસ્ટોરન્ટમાં ઉપયોગમાં લેવામાં આવતા કોમર્શિયલ એલપીજીના સિલિન્ડરના ભાવમાં ૯૧.૫ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યા છે. જો કે ઓઇલ કંપનીઓએ ડોમેસ્ટિક રાંધણ ગેસના ભાવમાં કોઇ ફેરફાર કર્યો નથી.દિલ્હીમાં ૧૯ કીલોના એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૯૭૬.૫૦ રૂપિયા ઘટીને ૧૮૮૫ રૂપિયા થઇ ગયો છે.બીજી બાજુ ગરીબોને ( હવાઇ મુસાફરી કરનાર પણ ગરીબ જ કહેવાય!!) સરકારે રાહત આપી છે. વિમાનમાં વપરાતા ઈંધણ એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં ૦.૭ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં એક કીલોલિટર એટીએફનો ભાવ ૮૭૪.૧૩ રૂપિયા ઘટીને ૧,૨૧,૦૪૧.૪૪ રૂપિયા થઇ ગયો છે.હરખ હવે તું હિન્દુસ્તાની!!"રાજુ રદીએ શાસક પક્ષના પ્રવક્તાની જેમ આંકડાકીય વિગતો આપી.

"રાજુ, લાગે છે કે મોંઘવારીની ગાડી રિવર્સ ગેરમાં ચાલવા માંડી છે. જો બધુ બરાબર ચાલ્યું તો મોંઘવારી માઇનસ થઇ જશે!!"

રાજુ રદી મુંગેરીલાલની જેમ સોંઘવારીના સ્વર્ણિમ સ્વપ્નો ઇસ્ટમેનકલરમાં ડોલ્બી સાઉન્ડમાં જોવા લાગ્યો !!!

ભરત વૈષ્ણવ....૩.૯.૨૦૨૨.

*********************************

સીધી છે

ચાના કપના હેન્ડલ જેવી સીધી છે,
જલેબીના ગૂંચળા જેવી સીધી છે.
અવસર ક્યારેય હતી નહીં, દોસ્તો,
આફતને અવસર ગણી લીધી છે.
વાંઢા-કુંવારાનું નારીશૂન્ય ગામ છે,
કુબ્જાને કામિની ગણી લીધીછે.
દેશી કે વિદેશી પણ કયાં મળે છે?
અમે છાશને શરાબ ગણી પીધી છે!!
એક મ્યાનમાં બે તલવાર કદી સમાઇ?
રિધ્ધિસિધ્ધિ સાથે રહે એ સિધ્ધિ છે.
નારીના ઘૂંઘરાળા વાળ જેવી સીધી છે,
મોનાલીસા સ્મિત જેવી સીધી છે!!

ભરત વૈષ્ણવ
૪.૯.૨૦૨૧.# કવિતા

# શેખ હસીનાની ભારત યાત્રા દરમિયાન બહુઆયામી સંબંધો અંગે કરારો થશે


નવીદિલ્હી,તા.૪

સપ્ટેમ્બર પાંચમી તારીખથી બાંગ્લાદેશનાં વડા પ્રધાન શેખ હસીનાની ભારતની ચાર દિવસની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે બહુ-આયામી કરારો થશે. આ ઉપરાંત ત્રિપુરામાં ભારત દ્વારા બંધાનારા 'ઇન્ટીગ્રેટેડ ચેકપોસ્ટ' વિષે બાંગ્લાદેશે ઉઠાવેલ વિરોધ વિષે પણ સ્પષ્ટતા થશે તેમજ ત્રિપુરાને લગતા પ્રશ્નો વિષે પણ શેખ હસીના અને નરેન્દ્ર મોદી વચ્ચે ચર્ચા થવા સંભવ છે.

શેખ હસીના અને વડાપ્રધાન મોદી વચ્ચે તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે મંત્રણાઓ થવા સંભવ છે. આ સંબંધે અહીં યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા સ્પેશ્યલ સેક્રેટરી ઑફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ અભિષેક ચંદ્રાએ જણાવ્યું હતું કે, 'દક્ષિણ ત્રિપુરાના મુહુરીઘાટ પાસે, ભારત દ્વારા રચાયેલા આઇસીપી સામે બાંગ્લાદેશે વિરોધ નોંધાવ્યો છે.' તે અંગે ચર્ચા કરવા વડાપ્રધાન મોદી સહમત થયા છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



NOG SS N0 :089
નામ : પ્રવિણા કડકીયા
વિષય સંયોગ વિયોગ
પ્રકાર : ગદ્ય
———

સંયોગ અને વિયોગ જોડિયા ભાઈ છે. જેમને કોઈ પણ જાતના વાઢકાપથી અલગ ન કરી શકાય. સંયોગ થયોને ખુશીના માર્યા પાગલ થયા. ત્યારે વિચાર ન આવ્યો વિયોગ રુમઝુમ કરતો આવી રહ્યો છે.

સંયોગ હોય કે વિયોગ દરેક જણે સંયમ ધરવો આવશ્યક છે. ખૂબ અઘરું છે પણ પ્રયત્ન દ્વારા એ ગુણ કેળવવો આવશ્યક છે.

સાસરે ગયેલી દીકરી પિયર આવી , પતિ અને પ્રેમાળ સાસરિયાનો વિયોગ થયો કિંચિત્ પિયરમાં માતા, પિતા અને ભાઈ બહેન સાથે સંયોગ શક્ય બન્યો.આનંદનો અવધિ લહેરાયો . પાછા સાસરે જતી વખતે વિયોગ ચોક્કસ છે.

તેમજ પતિ અને સાસર્યા સાથે સંયોગ સાંપડશે.

ભરતી પછી ઓટ, દિવસ પછી રામી, સવાર પછી સાંજ આ કુદરતનો વણથંભયો નિયમ છે. એનાં મિનિ

મેખને થવાનો સંભવ નથી.

પતિ સાથે વર્ષો વિતાવેલ રમીલાને અકસ્માતમાં ગુમાવેલ પતિનો જીવનભરનો વિયોગ સાંપડ્યો! જ્યાં સંયોગના કોઈ એંધાણ ન હતા.

જીવન રથના પાયા સંયોગ અને વિયોગની ધરી પર બેફિકર થઈ ફરે છે. તેને સ્વીકાર ખુલ્લા દિલે કરવો. નિરાશાવાદી ન બનવું. પરિસ્થિતિને અનુકૂલ થઈ મંજિલ પર આગળ વધતા રહેવું .

જે સમય અને સંજોગને અવગણે છે એ પોતે દુખી થાય છે. પરિવારમાં અસંતોષની લાગણી ફેલાવે છે.

હસતા ચહેરે? સંયોગ હોય કે વિયોગનો સામનો કરો . ઉમંગ અને જીવન જીવવાની જીજીવિષા ટકાવી રાખો .

**********************************

NOG SS. NO. 0097
વિષય: સંજોગ-વિજોગ
પ્રકાર: ગદ્ય
શીર્ષક: વ્યક્તિત્વ

શકુ અને મોના બે એવી સખીઓ જાણે એક સિક્કાની બે બાજુ. બે બાજુ ખરી પરંતુ પરિવારથી માંડીને બધું જ સરખું. શકુના પપા બેંકમાં નોકરી કરે અને મોનાના પપા

સરકારી કર્મચારી. એટલે આર્થિક સ્થિતિ પણ સરખી.

બંનેની કોલેજ પુરી થઈ.

લગ્ન કરીને જુદા જુદા શહેરમાં સ્થાયી થયા. બંનેને સાસુ સસરા અને એક દીકરો એક દીકરીની જવાબદારી.બધું જ સરખું . ફક્ત વિચારોમાં થોડો ફેર. શકુ સંજોગોને આધીન અને મોના સંજોગોને અતિક્રમીને ચાલવામાં માને. સંજોગોને આધીન ન જ થવું એ મોનાનું સૂત્ર.

પરિવારની જવાબદારી સાથે પોતે પણ નાની નાની પ્રવૃત્તિ કરીને પ્રવાહ સાથે વહેતી રહી. આગળ અભ્યાસ કરીને કોલેજની પ્રોફેસર બની ગઈ.

એક દિવસ મોલમાં બંને સખીઓ ભેગી થઈ ગઈ. લગ્ન પછી બંને પહેલી વાર મળતા હતા.શકુ ચહેરાથી ઓળખી શકાય.બાકી શરીર અકાળે વૃદ્ધ થયું હતું. મોના તો જાણે ૫૫ વરસે પણ તરવરતી યુવાન.

કોફી પીતા પીતા વાતે વળગ્યા. શકુ સંજોગોના રોદડા રડવા બેઠી.મોનાએ જણાવ્યું:એના સાસુ છેલ્લા પાંચ વરસથી લકવાને કારણે પથારીવશ છે. અને સસરાને આંખની તકલીફ હોય ખાસ બહાર જઈ શકતા નથી. શકુને નવાઈ લાગી. "તું આ બધું કેવીરીતે સંભાળે છે"મોનાએ કહ્યું: તને તો ખબર છે.

હું સંજોગોની ગુલામ નથી બનતી પણ એને જ મારી તાકાત બનાવી દઉં છું. આ જગ્યાએ પહોંચતા મુશ્કેલી ખુબ જ પડી. પરંતુ હું દ્રઢપણે માનું કે"જુદું અસ્તિત્વ છે તો જુદું વ્યક્તિત્વ પણ હોવું જ જોઈએ"એટલે મનમાંથી સંજોગો અને મુશ્કેલીના વિચારને ધકેલીને આગળ વધી રહીછું.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા..સિડની

**********************************

*NOG SS NO: 004*
વિષય: સંયોગ - વિયોગ
પ્રકાર: પદ્ય
શબ્દો:૧૧૫
શીર્ષક: સહજ

કરું સંયોગ
મન સહજ
સ્વીકારે આતમને
અજવાળે જે
સદ્ ભાવના!

કરું સંયોગ
તન સહજ
સ્વીકારે ઈશ્વરને
વાળે સત્યનાં
સાચા પથકે.

કરું સંયોગ
ધન સહજ
સ્વીકારે જરૂરતે
અર્પે દાનમાં
સદ્ મારગે.

કરું સંયોગ
સર્વે સહજ
ન વચન તૂટે તે
ન વળે મળે
વિયોગે સર્વે.

જયશ્રી પટેલ ૪/૯/૨૨

**********************************

NOG-SS No.116
વિષય- સંયોગ-વિયોગ
વિભાગ-પદ્ય/મુક્ત પંચિકા
શીર્ષક- ચાહત

સંયોગ હતો
આપણે મળ્યાં
એકબીજાને ચાહ્યાં
અહો સુંદર
પળો હતી એ!
ચાહત હતી
અજાણી હૈયે
કેવી અહો ભાવના
મનગમતી
અદ્ભૂત એ!
ચાહવું સહ્યું
પણ વિયોગે
સંયોગ- વિયોગ એ,
વિશ્વનો ક્રમ,
મંજૂર મને!

રીટા આચાર્ય જોષી
૦૪/૦૯/૨૦૨૨

**********************************

NOG SS NO - 0050
વિષય - સંયોગ - વિયોગ
વિભાગ - પદ્ય મૌલિક
શીષેક - તારો વિયોગ.

.....................................

મને આપો તરુ પ્રણય પાછો..! પરોઢે આવેલાં સપનાં સમ આવ્યા પીવું તમે...! મધ્યકાલીન પ્રકૃતિ રાગ છે..!

વિયોગ છે અને ઝૂરાપો પણ છે..!
અગ્નિ શિખાઓ પ્રસરશે ધરતી પર ..!
ને તારો વિયોગ શ્વાસમાં ડંકો ભરે છે..!
શી ખબર કે આ કાળોતરો ડંખશે મને..!
સૂર્યના તાપ ઝીલી ઝીલી થાકી હવે ..!
આ વિયોગ જેવો નાટકનો અંત નથી..!
શું જિંદગીનો પડદો પાડી શકાશે..?
આજ તો પ્રિયજનનો વિયોગ છે ..!
પીયુ તારો વિરહ છે..!

વિરહમાં ઝૂરવાની આલેખના માટે શબ્દો ના હોય ..!

વિહરીણી સ્ત્રી માટે તો વિયોગ જ કાળી રાત છે...!

વિયોગ ભાવ બળવત્તર બનતો જાય છે .!

ઈર્ષ્યાના દાહક અગ્નિની જેમ રોમે રોમ જલાવે છે..!

પ્રણયનાં સૂર હદયથી વહ્યાં હતાં..!
વહી ગયેલો સમય પાછો ના આવે...!
આવા વિયોગ ઘાવ કેમ કરીને જીરવાશે ..?
હવે તો પીધાં વ્યથાના ઘૂંટડા કેવાં..?
એ પીડા ભીંજવે મને...!
દુઃખિયા નાં દર્દો દેખીને રડે મન..!
આ કલમને કાગળ જીદના ચડશો..!
નહીંતર શબ્દોનાં ખેલ ખેલાશે..!
હૈયે શોર મચી જાશે ..!

રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ, કાંદિવલી.

**********************************

NOG SS NO - 0050
શબ્દ - દુંદાળા દેવ.
પ્રકાર - પદ્ય મૌલિક
તા - ૪/૯/૨૦૨૨.

.....................................

વિઘ્નહર્તા મંગલકારી વિનાયક આવો તમે આનંદ કરાવો..!

હે ગજાનન રિધ્ધિ સિધ્ધિ સાથે પધારો ઘર ભંડાર ભરો...!

યશ વૈભવ ગુણોના દાતા તમારી પ્રથમ પૂજા કરીએ...! જગની વિપદા હરો રિધ્ધિ સિદ્ધિના દાતા...!

આવો ગજાનંદ પ્યારા..!
હાથ જોડીને વંદન કરીએ અમે ભક્તો સૌ ...!

હો એકદંત શક્તિનાં દાતા માથે હાથ રાખજો સદા...! સિદ્ધિ અપાવો વિનાયક કષ્ટ હરો હમારા..!

આઠે પ્રહર કૃપા બરસાવો ..!
હે મારાં ગનુભૈયા...!

મન હૃદયથી તમને વર્યા રાખજો અમારી લાજ...! 'રાગ 'કરે વિનંતી સદાય તમને ..!

હે કૈલાસ પતિના પુત્ર ,
પાર્વતીના લાલ..!
સદાય વિઘ્ન હરજો..!
કરે પૂજા તમારી એની કીર્તિ સદાય રહે..!
ગનુભૈયા નામ તમારું લેતાં સંકટ હરાય..!
અષ્ટવિનાયક તમારું ભૂષક સવારી..!
ચમકાવો મારું ભાગ્ય ભરીદો ખુશીયા..!
ભીડ પડે તો દોડતાં આવજો મારા ગનુ ભૈયા..!

વિઘ્નહર્તા મંગલકારી વિનાયક આવો તમે આનંદ કરાવો..!

રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ, કાંદિવલી

**********************************

NOG SS NO. : 0034
વિષય : સંયોગ-વિયોગ
પ્રકાર : ગદ્ય ( વાર્તા)
શીર્ષક : અનનોન નંબર ( અજાણ્યો નંબર)

ઝંખનાને આજે કેમેય કરીને ઊંઘ નહોતી આવતી. મોબાઈલ મચેડીને થાકી ગઈ પરંતુ આજે નીંદર વેરણ થઈ હતી. તેનાં હૈયામાં અજીબ બેચેની થઈ રહી હતી. ચોમાસાની મેઘલી રાતમાં દામિનીનાં ચમકારાથી એ વધુ ચમકી જતી હતી. ત્યાં તો એનો મોબાઈલ રણક્યો. આટલી રાત્રે કોણ હશે? સ્ક્રીન પર અનનોન નંબર જોઈને તેણે ફોન કટ કરી નાંખ્યો. ત્યાં તો વોટ્સએપ કોલની રીંગ વાગી. પ્લસ સાઈનવાળો નંબર તો ફોરેનનો હોય, એ ફોન લેવો કે ન લેવો વિચારતી હતી, ત્યાં રીંગ બંધ થઈ ગઈ. તેણે રાહતનો શ્વાસ લીધો અને રસોડામાં પાણી પીવા ગઈ.

આવીને જોયું તો મોબાઈલમાં મેસેજ ઝબક્યો- 'હેલો.. આઈ એમ સોરી.પ્લીઝ રિસીવ ધ કોલ. આઈ વોન્ટ ટુ ટૉક વીથ યુ. પ્લીઝ...પ્લીઝ.'

તેણે ડીપીનો ફોટો જોયો. એકવાર નહીં અનેકવાર જોયો. આ ઋતુમાં પણ તે પરસેવે રેબઝેબ થઈ ગઈ. તેનું મન માનવા તૈયાર નહોતું કે, ખરેખર તે મારી સાથે વાત કરવા માંગે છે? હવે અમારી વચ્ચે બચ્યું શું છે? છેલ્લાં ત્રણ વર્ષથી હું એનાં વિયોગમાં ઝૂરું છું. આ કેવો પ્રેમ? કંઈ પણ કહ્યા વિના એ રાતોરાત ગાયબ થઈ ગયો અને આજે અચાનક પ્રગટ્યો. આ કોઈ સંયોગ છે કે પછી એની નવી ચાલ?

તે હજુ તેનાં વિશે વિચારતી હતી ત્યાં તો ફરીથી ફોનની રીંગ વાગી.તેણે ફોન રિસીવ કર્યો. એકાદ ક્ષણ તો બેમાંથી કોઈ કાંઈ જ બોલી ન શક્યું.ત્યાં સામે છેડે સોરીનો અવાજ આવ્યો. આટલાં વર્ષો પછી તેણે એનાં પતિ સોહમનો અવાજ સાંભળ્યો.

સોહમ જ બોલતો રહ્યો ,તે ચૂપચાપ અશ્રુ વહાવી રહી હતી. ખરેખર, તેની હિંમતને દાદ દેવી પડે કે, બેવફાઈ કર્યા પછી સોરી કહે છે.એનાં ગયા પછી મારું શું થશે?એ વિચાર્યું નહીં અને ભાગી ગયો અન્ય સાથે!

છેલ્લે તે એટલું જ બોલી, 'હવે આપણો સંબંધ અહીં જ પૂરો થાય છે.' મનમાં ને મનમાં તે ગણગણી,

'શીશા હો યા દિલ હો, આખિર તૂટ જાતા હૈ..'

--ડૉ. રેખા શાહ

**********************************

*NOG SS NO.0081*
વિષય : સંયોગ-વિયોગ
શીર્ષક : પાન લીલાં પીળાં
પ્રકાર: પદ્ય

લીલું પાન, પીળું પાન, સૂકું પાન,
એ તો વાત સંયોગની,પાનનો કવ થાય વિયોગ.
જન્મે છોડ પર એક નાજુક અંકુર થઈ,
સંયોગે પહોંચી જાય ટોચે કે રહે આડશે.
કદીક ઝૂલે વાયરે, કદી ઠુંઠવાય ઠંડીમાં,
વરસાદે ભીંજાય સૌ સાથે પર્ણો એક તરુવરનાં.
લીલાં સૌ સાથે,પણ પીળાં સંયોગે થાય,
પાનખરે પણ વિયોગ સૌનો સાથે નવ થાય.
નાનું સરીખું જીવન હસી ખુશીથી સાથે માણીએ,
સંયોગે સાથે પણ વિયોગે નવ કરૂણ થઈ રોઈએ.
ઈશકૃપાને ધરણી ભેગાં થઈ સૌ વધાવીએ,
વિયોગ સાથીઓનો નિયતિ માની અપનાવીએ.

#© માયા દેસાઈ...મુંબઈ ભારત.

**********************************

NOG.SS. No 0098
વિષય:- સંયોગ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- આશીર્વાદ

વિષય સંયોગ મળ્યો છે તો મિત્રો તમને મારા જીવનની હકીકતની જાણ કરાવવા માગું છું .અમારી સોસાયટીમાં અમારા ઘરની બાજુમાં નવા પડોશી રહેવા આવ્યા હતા .એમનો ટ્રાન્સપોર્ટનો ધંધો હતો એક દિવસ કાકાના ઘરે નવી ટ્રક ઉભી હતી , સવારનો સમય હતો એ લોકો પૂજાની તૈયારી કરતા હતા અને સંયોગથી હું મંદિરથી પાછી ઘરે આવી રહી હતી. મેં કાકાને "જય શ્રી કૃષ્ણ" કર્યું.

કાકાએ મને બોલાવી અને કહ્યું," બેટા તું ખોટું ના લગાડે તો તને કશું કહું !"

મેં કહ્યું ,"હા કાકા બોલો શું થયું? મેં કહ્યું,નવી ટ્રક લીધી છે મીઠાઈ ખવડાવી પડશે ."

કાકા એ કહ્યું,"હા ચોક્કસ બેટા પણ પહેલા તું આવ ને આ ટ્રકને હલ્દી કંકુ લગાવીને પૂજા કર ."! મેં કાકા ને પૂછ્યું,"હૂં કરું? "

કાકા એ કહ્યું,"હા બેટા બ્રાહ્મણના હાથથી પૂજાનો લાભ લેવો છે."

મેં ટ્રકની પૂજા કરી અને પછી કાકા એ મને મીઠાઈ ખવડાવી.

મેં કહ્યું," દર મહિને પૂજા કરવા આવીશ તમારે કહેવું ના પડે કાકા ."

કાકા હસવા લાગ્યા ."બેટા દર મહિને ટ્રક ખરીદું ત્યારે તું આવશે ને... ?

હું પણ હસવા લાગી અને કહ્યું ," હા હા આવીશ."અને હસતાં હસતાં ઘરે આવી ગઈ ,પણ મિત્રો આ જીવનની હકીકત છે કે કાકાના ઘરે ટ્રકોની લાઈન લાગી ગઈ અને હવે તો એમનું જીવન સ્તર બહુ જ ઊંચું થઈ ગયું છે ,પણ આજની તારીખમાં પણ એમને ત્યાં ટ્રક ટેમ્પા ઓફિસ બંગલો જે પણ નવી વસ્તુ આવે છે કાકા મને જરૂરથી યાદ કરે છે .

તો મિત્રો આ તો માત્ર એક સંયોગ જ હતો કે એ લોકો પૂજાની તૈયારી કરતા હતા અને હું સામેથી આવી રહી હતી ,પણ જે પણ હોય કાકાનું સ્તર દિવસે ને દિવસે ઊંચું થતું જાય છે અને મને આશીર્વાદની ઝડી લગાવી દે છે. આ સંયોગ છે કે મને કાકાના આશીર્વાદ બેઠાં બેઠાં મળે છે હું મારી જાતને બહુ ખુશ નસીબ માનું છું.

લીના શર્મા
હાલોલ..

**********************************

NOG.Ss.No.73
વિષય.સંયોગ.
પ્રકાર. ગદ્ય.
શીર્ષક.સંયોગતો જો.

સંયોગતો જોવો જે જોઈએ છે એ મળતું નથી જે નથી જોઈતું એ મળે છે,જે મળે છે એમાં સંતોષ નથી,

સંજોગો એવા આવ્યા કે ધાર્યું ક્યારેય થતું નથી અને થાય છે જ્યારે ત્યારે એ ઉમર નીકળી ગઈ હોય છે જેનો આનદ રહેતો નથી બસ સંતોષ મળે છે કે મળ્યું,પણ ત્યાં સુધી તો ઘણું બધું ગુમાવી દીધું હોય છે,સંજોગો અને પરિસ્થિતિ ને આધીન થઈ જીવવામાં

ક્યારેય પોતાના માટે જીવવાનું વિચાર્યું જ નહીં અને અત્યારે જ્યારે પોતાના માટે જીવવાનું વિચાર્યું ત્યારે સમય અને સંયોગ બધું જતું રહ્યું,હોવી બાકી રહ્યું ખાલી ઈશ્વર તરફથી મળેલું બોનસ આયુષ્ય, તો હવે દરેક સારા સંયોગ માં ફેરવી બાકી રહેલી બધી જિંદગીનો આનંદ ઉઠાવીએ, અને એક એક પળને જીવએ પોતાના માટે..

જ્યારે આપણે પૂર્ણ મકકમથી આપણાં માટે જીવવાનું વિચારીશું ત્યારે સમય અને સંજોગો બધું આપણું હશે....

નયના પેટલ.નૈન.
વડોદરા.

# ચાણસ્મા ના દાણોદરડા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના દાણોદરડા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિવિધ લાભાર્થીઓએ તમામ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો તેમ જ આ પ્રસંગે અધિકારીઓ તેમજ પદા અધિકારીઓ સહિતના ગામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા

મળતી વિગતો અનુસાર ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર અંતરિયાળ ગામો તેમજ વિવિધ ગામોમાં લાભાર્થીઓને ઘર બેઠા સુવિધા મળી રહે તે માટે દરેક ગામની અંદર સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો હોય છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ના દાણોદરાડા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આયુષ્યમાન કાર્ડ,



આવક ના દાખલા, આધારકાર્ડ, રેશનકાર્ડ સહિતની કામગીરી ઘરબેઠે કરવામાં આવી હતી અત્રે યોજાયેલ કાર્યક્રમમાં ચાણસ્મા તાલુકા મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારી શ્રી લક્ષ્મીબેન ઠાકોર, , ભારતીય જનતા પાર્ટીના આગેવાન મુકેશભાઈ પટેલ ઉર્ફે દાઢી,ભાજપ મહામંત્રી કિરણભાઈ જાની, બક્ષીપંચ મોરચાના વિનયસિંહ ઝાલા, વિક્રમસિંહ ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ, જે વી પટેલ, બાબુલાલ પટેલ, રાકેશભાઈ પરમાર,સહિતના આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહી સેવા સેતુ ને સફળ બનાવ્યો હતો તેમ જ વિવિધ લાભાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી

# અમેરીકા,કેલિફોર્નિયાના એનાહેમ સીટી ના ગાયત્રી ચેતન સેન્ટર (ગાયત્રી મંદિર ) ખાતે ૪ દિવસ નું મૌન સાધના શિબિર નું યોજાઈ ગયું

ગાયત્રી ચેતન સેન્ટર એનાહેમ, લોસ એન્જલસ, કેલિફોર્નિયા ખાતે ૨૫ મી ઓગસ્ટથી ૨૮ મી ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન ૪ દિવસના મૌન સાધન શિબિરનું આયોજન કર્યું હતું. શિબિર માટે અમારી પાસે ૨૫ સહભાગીઓ ની નોંધણી હતી. ૨૫મી ઓગસ્ટના રોજ પ્રથમ દિવસે ઓરિએન્ટેશન દરમિયાન બધા સહભાગીઓ પથારી અને બેગ સાથે અગાઉ આવ્યા હતા અને રહેણાંક રૂમમાં બીજા બિલ્ડિંગમાં સ્થાયી થયા હતા. આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ અને આદરણીય ડૉ. સાહેબ અને શ્રધ્ધેય જીજીના આશીર્વાદ સાથે, મહેશ ભટ્ટે બધા સહભાગીઓને આવકાર્યા અને દૈનિક સાધના માટેના કાર્યક્રમના સમયપત્રક અને સત્ર દરમિયાન અનુસરવા માટેની માર્ગદર્શિકા માટે સંપૂર્ણ સૂચનાઓ આપી. તમામ સહભાગીઓને સંપૂર્ણ કર્મકાંડ પૂજનવિધિ સાથે મૌન સાધન સંકલ્પ આપવામાં આવ્યો હતો. વિવિધ પ્રાણાયામ, ધ્યાન, આસન અને આંતરિક આધ્યાત્મિક શક્તિઓની અંદર જવાની અને વિઝ્યુઅલાઈઝ કરવાની વિશેષ તકનીકો વિશેની પ્રાથમિક માહિતી પણ આપી. અને ના છુટકે જરૂર પડે ફક્ત સંજ્ઞા ના ઉપયોગ કરવામાં આવતો હતો. પ્રતિભાગીઓને જાગવા માટે અને સાંજે ૫:૩૦ વાગ્યે આત્મબોધ સાધના માટે તૈયાર થવા માટે દૈનિક શેડ્યૂલ સવારે ૪:૩૦ વાગ્યે શરૂ થાય છે અને ૯:૦૦ વાગ્યા સુધી આખા દિવસના શેડ્યૂલ સાથે અનુસરે છે. વિવિધ સાધના પ્રેક્ટિસમાં ચાલવાનું ધ્યાન, હવન, સૂર્ય અર્ગ્ય દાન, જ્યોતિ અવધારણ - ત્રાટક, દર્પણ સાધના, સ્વાધ્યાય, શ્રમ દાન સાથે સૂર્ય કી ધ્યાન ધરણા, અમૃત વર્ષ ધ્યાન, તીન સરિર ધ્યાનનો સમાવેશ થાય છે. મૌન



તોડવા માટે સંકલ્પ પૂર્ણાહુતિ પછી પ્રતિસાદ સ્વરૂપો અને જૂથ ચર્ચા સાથે સાધનાના અંતે બધા સહભાગીઓએ તેમના અનુભવો શેર કર્યા. સહભાગીઓને દૈવી અનુભવ થયો અને તેમાંથી ઘણાએ સાધના દરમિયાન અનુભૂતિ તરફની મુસાફરીના આંતરિક આનંદ સાથે તેમની લાગણીઓ વહેંચી. ઋઝ દિવ્ય મહિલા જૂથે તેમના સ્વયંસેવકોને નાસ્તામાં લંચ અને ડિનર દરમિયાન સાત્વિક ખોરાક તૈયાર કરવા માટે સમય આપ્યો. તેઓએ બધા સાધકો માટે દરરોજ સવારના હવન માટે યજ્ઞશાળાની તૈયારીમાં પણ મદદ કરી હતી. ઋઝ, ન્છ માં છેલ્લા ૭ વર્ષથી આયોજિત આ એક ટ્રેવલ્થ મૌન સાધન શિબિર હતું. છેલ્લા બે વર્ષમાં કોવિડ ૧૯ને કારણે અમારી પાસે કોઈ શિબિર ના યોજવાના કારણ થી દરેક લોકો ખૂબ જ ઉત્સાહિત હતા તેમજ આ સાધના શિબિરમાં ભાગ લેવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા.

જીસીસી યુવા જૂથના સમીર પાંડે દ્વારા દૈનિક કાર્યક્રમની ઓડિયો વ્યવસ્થા તૈયાર કરવામાં આવી હતી.

શ્રી ભાનુભાઈ અને કુસુમબેન પંડ્યા કે જેઓ GCC Ôયવસ્થાપક છે તેઓએ મંદિરમાં આવતા અન્ય દર્શનાર્થીઓને વિનંતી કરીને તમામ સહભાગીઓ માટે રહેવા, ભોજન અને શાંત વાતાવરણ જાળવવાની સારી વ્યવસ્થા કરી હતી. ( માહિતી અને તસ્વિર :- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# સાર્વજનિક મહોત્સવ ના પાંચમા દિવસે બાળકો ની દેશભક્તિ ની થીમ આધારિત 'નૃત્ય સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું

સાર્વજનિક મહોત્સવ ના પાંચમા દિવસે બાળકો ની દેશભક્તિ ની થીમ આધારિત 'નૃત્ય સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવના વર્ષ નિમિત્તે બાળકોમાં રાષ્ટ્રપ્રેમ ની ભાવના વિકસે અને દેશદાઝ જાગે તેમજ વીર શહીદોને શ્રદ્ધાંજલી આપતો આ કાર્યક્રમ કાબિલે તારીફ હતો. આ કાર્યક્રમ માં વિવિધ શાળાના લગભગ ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે શ્રીમતી આશાબેન અડાલજા, શ્રીમતી ખુશ્બુબેન દેસાઈ, શ્રી નીતિનભાઈ દવે એ ભૂમિકા ભજવી હતી. સર્વ વિદ્યાર્થીઓ દ્વારા એક પછી એક ઉત્કૃષ્ઠ નૃત્યો રજૂ થયા થતા અને એક અનોખું દેશભક્તિ નું વાતાવરણ છવાયું હતું.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આયોજિત ગણેશોત્સવ માં દરરોજની જેમ આજે પણ ભગવાન ગણેશની સાયંકાલ પૂજા તથા આરતી ઉતારવા સંમિલિત મહાનુભાવો માં ગજરાત બ્રહ્મસમાજ ના પ્રમુખ શ્રી પીનાકીનભાઈ રાવલ

જાણીતા શ્રી કનૈયાલાલ પંડ્યા

સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી નરેશભાઈ દવે તેમજ યુવા પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસ અને સમિતિ ના સભ્યો ઉપરાંત વેપારી મંડળના પ્રમુખ શ્રી કાલિદાસ પટેલ તેમજ નાયબ માહિતી નિયામક શ્રી હીરેન ભાઈ ભટ્ટ

આમ આદમી પાર્ટી ના સંયોજક શ્રી હસમુખભાઈ પટેલ તથા મુકેશભાઈ પટેલ




તેમજ કોર્પોરેટરશ્રીઓ,

માલધારી અગ્રણી શ્રી તેજાભાઈ દેસાઈ સામાજીક આગેવાન વાઘાજી ઠાકોર શ્રી નરેશભાઈ પરમાર શ્રી અજીતભાઈ, અશ્વિન ભાઈ, હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ચેતનાબેન બુચ તેમજ ડૉ. વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.તા. ૦૫-૦૯-૨૦૨૨ સોમવાર ના રોજ નો કાર્યક્રમ:

'બેસ સિંગર ઓફ ધ સિટી'
ફિલ્મી ગીત સ્પર્ધા
ઓરકેસ્ટ્રા- ચિરાગ સોની
રાત્રે ૦૮:૦૦ કલાકે મતિના અધ્યક્ષશ્રી નિશિત ભાઈ વ્યાસ ભાવભર્યુ આમંત્રણ છે.

## છેલ્લા એક વર્ષમાં ડ્રગ્સના કારોબારીઓ પર પોલીસે હલ્લાબોલ કર્યું છે જે તમામ ઓપરેશનો જગ જાહેર છે


રાજ્યના ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે જણાવ્યું હતું કે ડ્રગ્સના વિષયમાં જ્યારે ગુજરાત પોલીસ ભારત અને પાકિસ્તાન ની સીમા પર જઈ, ગોળીઓનો સામનો કરીને આટલા મોટા રેકેટ પકડે ત્યારે ભલે આપ એને અભિનંદનના આપો પરંતુ આ જવાનોનું મોરલ તોડવાનું કામ કરનાર વ્યક્તિઓ ગુજરાતનું અહિત કરી રહ્યા છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે, શું ડ્રગ્સ વેચનાર લોકો, પોલીસ સ્ટેશન પર સામેથી આવીને ડ્રગ્સ જમા કરવી જાય છે? ડ્રગ્સ સામેની આ લડાઈ અમારા માટે રાજનૈતિક વિષય નથી. દુનિયાભરમાં ડ્રગ્સ એક ફેશન બન્યું છે તેમાં ગુજરાતના યુવાનો ના સંડોવાય તે માટે તમામ દિશા એ એક સાથે કામગીરી ચાલે છે. આ દુષણથી થતું નુકશાન લોકજાગૃતિ થકી, દૂષણ માં સપડાયેલા યુવાનોને બહાર લાવવા માટેના પ્રયાસો દ્વારા, સોશિયલ મીડિયાના માધ્યમથી જાગૃતિ લાવવા જેવા તમામ વિષયો અને સાથે ડ્રગ્સના કાર્ટલ પર સપ્લાઈ જેવા પગલાં દ્વારા તમામ દિશામાં એક સાથે કામ કરીને ગુજરાતને અને દેશને આ દૂષણથી બચાવવાનુંછે. આપડેસૌ જાણીએછીએ કે દેશનું ક્યું રાજ્ય ડ્રગ્સનું કેપિટલ ગણાય છે અને ત્યાં શું હાલત છે અને ત્યાં કોની સરકાર છે.

## "જીંદગી માં તો"



કોઈને વહેલું પડે, તો
કોઈને મોડું પડે,
જીંદગીમાં તો દુઃખ
બધું,જીરવવુ પડે.
કોઈને સહેલું પડે
તો,કોઈને કઠિન પડે,
'જીંદગીમાં' તો કામ બધુ ,કરવું પડે.
કોઈ ને વાવવું પડે,તો
કોઈને કાપવું પડે,
' જીંદગીમાં' તો પાણી
બધુ,પાવું પડે.
કોઈને મેળવવું પડે ,તો
કોઈને ગુમાવવું પડે,
'જીંદગીમાં'તો જુઠું બધુ,જાળવવું
પડે.
કોઈને 'શિવ' મળે ,તો
કોઈને 'કૃષ્ણ'મળે,
'જીંદગીમા'તો ઝેર બધુ ,પચાવવું
પડે.
કવિયત્રી :કપુપરા
પલ્લવી
(ઉપલેટા) 'રાધે કૃષ્ણ માં
થી'

ઠોકરો ખાતી રહી ને જાત
આ ઘાયલ થઈ છે જ્યારથી,
સત્યની પ્રત્યેક બાજુ
આંખની સામે ખૂલી છે ત્યારથી.
વાર એ પ્રત્યેક ઠોકરના
હતા નક્કર, કે ખાલી ના ગયા,
એમ સૌ નજરે ચડ્યા કે
આંખની આંખો ખૂલી વિસ્તારથી.
છે સલામત એ બધાના
મુખવટા એ કેટલું સારું થયું છે!
હું જ સાચવતી રહી
અણજાણ થઈને એ ભરમને
ક્યારથી.
પોતપોતાના જ સૌએ હોય
છે - એ જાણવું અઘરું પડ્યું હો !
પણ થયું સારું જ કે એ
સત્ય સમજાઈ ગયું અત્યારથી.
ઓ વિધાતા, આમ તું
હંમેશ આગળ જઈને પથ્થર
ગોઠવે છે,
હું ય છું સદ્ધર કે સ્હેજે ક્યાં
તૂટી છું કોઈ તારા મારથી!



રેણુકા દવે (અમદાવાદ)



વરસતાં વરસાદમાં સાવ
કોરાં રહી ગયાં .
આંખોમાં આંસુ રોકાઈને
ક્યાં રહી ગયાં .
જીદ્દ કરીનેય ઝંપલાવ્યું
સ્નેહ સરોવરમાં ,
ન મળ્યો કિનારો તો
મઝધારે જ રહી ગયાં .
સ્મરણ વાગોળ્યા કરવાનું
બાકી રહી ગયું ,
યાદોમાં યાદ કરીને ! શું
એકલાં રહી ગયા .
વિચારોનાં વનમાં એક
વખત યાદ કરજો ,
દિલમાં ધાક જમાવીને
પ્રણયમાં રહી ગયાં .
લીધો શ્વાસ રાહતનો
અનુભવ સારો રહ્યો ,
' એ જિંદગી ' તારાં શબ્દ
શબ્દ રહી ગયા .
વિજય શિહોરા ' એ
જિંદગી '

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૪ અનુપમ(સ્માર્ટ) શાળાઓનું ઈ- લોકાર્પણ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે અમદાવાદના નવા વાડજ ખાતેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા કુલ ? ૯.૫૪ કરોડનાં ખર્ચે તૈયાર કરવામાં આવેલી કુલ ૪ અનુપમ(સ્માર્ટ) શાળાઓનું ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શાળા નંબર-૨, નારણપુરા ગુજરાતી શાળા નંબર-૬, ઘાટલોડિયા શાળા નંબર-૨ અને થલતેજ શાળા નંબર-૨નું આ પ્રસંગે ઈ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઈ- લોકાર્પણ બાદ માનનીય મંત્રીશ્રી અને મહાનુભાવોએ ગાંધીનગર શાળા નંબર-૨ ની મુલાકાત લઈને સ્માર્ટ શાળા નિહાળી હતી.આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, બાળકોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ને અનુરૂપ અને આધુનિક પદ્ધતિ સાથેનું શિક્ષણ મળે તે માટે શરૂ કરાયેલી આ અનુપમ શાળાઓ ખરેખર રાજ્યમાં સ્થાપિત ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાની સાબિતી આપે છે. કુલ ૨૨ જેટલી અનુપમ શાળાઓનું કામકાજ પૂર્ણ થયું છે જેમાંથી આજે ૪ શાળાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. કુલ ? ૯.૫૪ કરોડનાં ખર્ચે તૈયાર થયેલી આ શાળાઓ નો ફાયદો શહેરના ગરીબ અને મધ્યમ વર્ગનાં કુલ ૩૨૦૦ જેટલા બાળકોને મળશે.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીનાં શાસનમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારની કલ્યાણ યોજનાઓ અને યોજનાકીય ભંડોળનું સુચારુ અમલીકરણ - એક્ઝિક્યુશન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં થાય છે એમ શ્રી અમિત ભાઈ શાહે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી એ ઉમેર્યું કે લગભગ દરેક ક્ષેત્રે લોકકલ્યાણ અને જનસહાયની અનેકવિધ યોજનાઓના સુચારુ અમલીકરણ થકી આજે ગુજરાત દેશભરમાં વિકાસનું મોડલ બન્યું છે. રાજ્યમાં બીજેપીના શાસન પેહલા પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ૩૭ ટકા હતો જે બીજેપીના શાસન બાદ ઘટીને ૩ ટકાથી પણ નીચે પહોંચ્યો છે. પહેલા દર ૧૦૦ માંથી ૬૭ બાળકો જ શાળામાં દાખલ થતાં હતાં એટલે કે ૪૦ ટકા બાળકોને જ પ્રાથમિક શિક્ષણ મળતું હતું જે આજે ૯૫ ટકાથી પણ વધારે સુધી પહોચ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાનના આપણા દુરંદેશી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના અથાગ પ્રયત્નો અને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી, ટીચર્સ ટ્રેનિંગ જેવા નવતર અભિગમોના ભાગરૂપે આજે ગુજરાત શિક્ષણ ક્ષેત્રે દેશભરમાં ઉદાહરણ રૂપ છે. સાર્વજનિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણ બાબતે ગુજરાત આખા દેશમાં રોલ મોડેલ બન્યું છે. બાળક ના શિક્ષણ નું સ્તર કેવી રીતે ઉપર લાવવું એ કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર સુપેરે જાણે છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્થાપિત સુદઢ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે આજનાં ગુજરાતનાં યુવાનોને 'કર્ફ્યું ' એટલે શું એ જ ખબર નથી તેમજ રાજ્યમાં ક્યાંય કોઈ કોમી રમખાણો કે અજંપાની સ્થિતિ નથી. આજે રાજ્ય ની દીકરીઓ ખુલ્લે આમ ક્યાંય પણ કોઈપણ સમયે હરીફરી શકે છે જે રાજ્યની ઉત્તમ સુરક્ષા વ્યવસ્થાની સાબિતી છે.નરેન્દ્રભાઈએ ગુજરાતની ધુરા સાંભળ્યા બાદ શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ઉદ્યોગ, સુરક્ષા, ઊર્જા સહિતના તમામ ક્ષેત્રે રાજ્ય એ વિકાસની અવિરત યાત્રા આરંભી છે. આજે ગામડાઓમાં ચોવીસ કલાક થ્રી ફેઝ વીજળી મળે છે. ગુજરાતની ૨૦ વર્ષ થી ચાલતી વણથંભી વિકાસયાત્રા હજુ પણ આમ જ ચાલતી રહેશે જે અંગે સરકાર પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળઆજે ડબલ એન્જિન સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આજે રાજ્યનું દરેક બાળક આવનારા સમયમાં વૈશ્વિક સ્તરે કદમ મિલાવી શકે તથા દરેક ક્ષેત્રે આગળ વધી શકે તે માટે શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ આયામો અમલમાં મુકવામાં આવ્યા છે. અનુપમ(સ્માર્ટ) શાળા આવું જ એક સોપાન છે જે બાળકોને ભણતર ભાર રૂપ ન લાગે તે રીતે અને રમતા રમતા બાળકો ભણી શકે તેવા વિવિધ ડિજિટલ પ્રોજેક્ટ અને મોડલ સાથે અભ્યાસ પૂરો પાડીને બાળકોનો સર્વગ્રાહી વિકાસ સાધવા માટે સંકલ્પબદ્ધ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કુલ ૨૦ અનુપમ શાળાઓ તૈયાર થઈ ગઈ છે તેમજ વધું ૬૩ શાળાઓ નવેમ્બર સુધી શરૂ કરવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં અંદાજે ૧.૫ લાખ બાળકોને અનુપમ શાળાઓનો લાભ મળે એવું આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીની યુવા નાગરિકો સહિત તમામ મતદારોને અપીલ

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ પૂર્વે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે મતદાર તરીકેની પાત્રતા ધરાવતા યુવાનો તથા મતદાર તરીકે નોંધણી કરાવવાની બાકી હોય તેવા નાગરિકોને ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા મતદાર યાદીમાં નામ નોંધાવવા અને મતદાર યાદીમાં નામ ચકાસવા ખાસ અપીલ કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે હાલ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે, તે ખુબ મહત્વનો છે. આપ સૌને મારી નમ્ર અપીલ છે કે તમારૂં નામ મતદાર યાદીમાં ચકાસી લો અને તા.૦૧લી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર તમામ યુવામિત્રો મતદાર યાદીમાં નામ નોંધાવવા પ્રયત્ન કરો. આ માટે ખાસ ઝુંબેશના બે દિવસનું અમે આયોજન કર્યું છે. તા.૦૪થી સપ્ટેમ્બર અને તા.૧૧મી સપ્ટેમ્બર આ દિવસે બુથ લેવલ ઑફિસર પોતાના મતદાન મથક પર સવારે ૧૦.૦૦થી સાંજના ૦૫.૦૦ વાગ્યા સુધી હાજર રહેશે. જે આપની તમામ પ્રકારની મદદ કરશે. આ ઉપરાંત પણ નવા મતદારો www.ceo.gujarat.govૈ. હવેબસાઈટ,www.nvsp.in પોર્ટલ તથા Voters Helpline ઍપ ડાઉનલોડ કરીને પોતાના નામની નોંધણી કરાવી શકશે, મતદાર યાદીમાં નામની ચકાસણી કરી શકશે અને સુધારણા પણ કરી શકશે.

# ૬ઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- ૨૦૨૨નું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત ભાઈ શાહના હસ્તે ઉદઘાટન

ગુજરાતમાં યોજાઈ રહેલી ૬ઠ્ઠી 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ-૨૦૨૨'નો ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ ખાતેથી શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે, જેલ પ્રશાસનએ સમાજ વ્યવસ્થા જાળવવાનું મહત્વનું અંગ છે, ત્યારે જેલ સુધારણા અને તેના દ્વારા કેદીઓનું પુનર્વસન થાય તે પણ એટલું જ જરૂરી છે. વર્તમાન કેન્દ્ર સરકારે જેલ સુધારણાને અગ્રીમતા આપી છે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ ત્રિ-દિવસીય ૬ઠ્ઠી 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- ૨૦૨૨'માં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૦૩૧ જેલ અધિકારીઓ-કર્મચારીઓ વિવિધ ૧૮ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે. છઠ્ઠી ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યૂટી મિટનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અગાઉ અમલી એવા જેલ મેન્યુઅલના બદલે વર્ષ ૨૦૧૬માં મોડેલ જેલ મેન્યુઅલ કાર્યાન્વિત કર્યુંછે. જો કે દેશના ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેને અપનાવ્યું છે. દેશના તમામ રાજ્યો આ મોડેલ જેલ મેન્યુઅલ અપનાવે તો સુધારાત્મક બાબતો પણ સમાવાયેલા આ મેન્યુઅલથી કેદીઓના પુનર્વસનનો પરિણામલક્ષી અમલ થઈ શકશે.

## હું જાણું



પાંપણ ઢાળું,
મળવાનું ક્યાં હોય છે
તને કોઈ ખાસ ટાણું..!!
હું ક્યાં બીજું કશું છું જ
ચાહું..!!
તારી વેણુનાં સૂરને જ હું
માણું.
છબી રાખી છે ભીતર
તારી,
ઈચ્છા થાય ત્યાં જ તને
હું નિહાળું.
આતમને છે વિશ્વાસ
પોકારું તને..!!
દોડીને આવીશ તું ભલે
હોય કટાણું.
સ્મરણ કરું તારું બંધ
આ આંખે,
મળી જઈશ તું આવીને
હું જાણું.જાગૃતિ ડી. વ્યાસ
(રાજકોટ)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK